કહાન
સંવત ૩
વર્ષ ૪૦
અંક ૧
[ ૪૭૭ ]

વીર
સંવત
૨૫૦૯
A D. 1983
JULY




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ગુરુદેવનો ઉપકાર

[ પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
અંતરમાંથી વહેલી ભક્તિભાવભીની ગુરુ-સ્તુતિ ]

મેરા મનડામાંહી ગુરુદેવ રમે
જગના તારણહારાને, મારું દિલ નમે.
શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારા ધામ દીપાવ્યા;
મીઠા મહેરામણ આંગણિયે કહાન મહારાજ
પુણ્યોદયનાં મીઠાં ફળ ફળીયા આજ.........૧

અમૃતભર્યાં જ્યાં ઉર છે, નયને વિજયના નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે બ્રહ્મચારી એ ભડવીર છે,
યુક્તિ - ન્યાયમાં શૂરા છો યોગીરાજ,
નિશ્ચય વ્યવહારના સાચા છો જાણનહાર.........૨

દેહે મઢેલા દેવ છો ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણ પીધ દૂધ છો;
મુક્તિ વરવાને ચાલ્યા છો યોગીરાજ
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ.........૩

સૂત્રો બતાવ્યા શાસ્ત્રમાં ઉકેલવા મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો પણ જ્ઞાન પેલે પાર છે;
અંતર્ગતના ભાવોને ઓળખનાર
આત્મિક વીર્યના સાચા સેવનહાર.........૪

# વિષાપહાર સ્તોત્ર

[ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન પાંચમું ]

લોકમાં પ્રાતિહાર્યનો અર્થ આભૂષણ પ્રસિદ્ધ છે. ભગવાનને પણ અશોકવૃક્ષ આદિ આઠ પ્રાતિહાર્ય હોય છે. ત્યાં કવિ પ્રાતિહાર્ય પદના અર્થમાં કહે છે કે સંસારના અન્ય દેવોની જેમ આપને શરીર ઉપર શોભા-પ્રાતિહાર્ય નથી. ઇન્દ્રને તો હો પણ આપને પ્રભુ પ્રાતિહાર્ય ક્યાંથી આવ્યાં? ઇન્દ્રને શરીરની શોભા હોય પણ આપને ક્યાંથી આવી?

પછી કહે છે કે આપને પણ પ્રાતિહાર્યની શોભા હોય છે. કેમ કે એ પ્રાતિહાર્યથી આપની શોભા વધે છે તેથી આપને પણ એ શોભા છે અને નિશ્ચયથી લઈએ તો ચૈતન્ય ભગવાન આત્માની નિર્મળ નિર્વિકલ્પ પર્યાયમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે તો પર્યાયની શોભા છે. પણ દ્રવ્યની શોભા શું? પ્રભુ! આત્મા સત્ ચિદાનંદ નિર્મળાનંદઘન પ્રભુ તેની શોભા શેમાં? એમ ફરી ફરીને કહે છે, ત્યારે કહે છે કે એ પર્યાયમાં શોભા દ્રવ્યને લઈને આવી છે તેથી એ દ્રવ્યની જ શોભા છે પર્યાયની ખરેખર શોભા નથી. પ્રવચનસારની ૧૭૨ ગાથામાં અલિંગગ્રહણમાં કહ્યું છે કે આત્મા વર્તમાન પર્યાયનો અનુભવ કરે છે, દ્રવ્યને અડતો નથી, માટે અનુભવને જ આત્મા કહ્યો છે પણ એ અનુભવ દ્રવ્યને લઈને જ છે એટલે એ દ્રવ્યની જ શોભા છે. આ તો ભગવાન આત્માના ગાણા છે. વિષ+અપહાર=ચૈતન્ય ભગવાનનું સન્માન કર્યું ત્યાં ઝેરનો નાશ અને અમૃતની પ્રાપ્તિ. પર્યાયમાં અમૃતની રેલમછેલ. એ અનુભવની શોભા ખરેખર દ્રવ્યને લઈને પ્રગટી છે. ૨૦.

श्रिया परं पश्यति साधु निःस्वः, श्रीमान्न कश्चित्कृपणं त्वदन्यः ।
यथा प्रकाशस्थितमन्धकारस्थायीक्षतेऽसौ न तथा तमःस्थम् ।। २१ ।।

ધનિકોં કો તો સભી નિધન, લખતે હૈ, ભલા સમજતે હૈં।
પર નિધનોં કો તુમ સિવાય જિન, કોઈ ભલા ન કહતે હૈં ॥
જૈસે અંધકારવાસી ઉજિયાલેવાલે કો દેખે।
વૈસે ઉજિયાલાવાલા નર, નહિં તમવાસી કો દેખે ॥ ૨૧ ॥

હે ભગવાન! હે પરમાત્મા! હે સર્વજ્ઞપ્રભુ! —એમ પોતાના સર્વજ્ઞસ્વભાવને લક્ષમાં લઈ સર્વજ્ઞદેવની સ્તુતિ કરે છે કે હે નાથ! નિર્ધન પુરુષ લક્ષ્મી સંપન્ન ધનવાન પુરુષને અત્યંત આદરદૃષ્ટિથી દેખે છે. શું કહે છે? —કે લક્ષ્મી રહિત નિર્ધન

પુરુષ સધન ને—ધનવાનને આદરભાવે જુએ છે પણ ધનવાન પુરુષો નિર્ધનને-ધન વગરનાને ગરીબ ગણીને કાંઈ ગણતરીમાં લેતા નથી. સંપત્તિશાળી પુરુષ સારા ભાવથી ગરીબને દેખતાં નથી. ઠીક છે, અંધારામાં ઉભેલો પુરુષ અજવાળામાં ઉભેલા પુરુષને ઠીક પ્રકારે જોઈ લે છે. અંધારામાં એટલે કે બહારની સંપત્તિ વગરના પુરુષ બહારની સંપત્તિવાળા પુરુષને બરાબર જોઈ લે છે પણ અજવાળામાં ઉભેલો એટલે કે સંપત્તિશાળી પુરુષ અંધારામાં ઉભેલા પુરુષને–નિર્ધનને જોતા નથી, ગણતરીમાં લેતા નથી. પણ હે ભગવાન! આપમાં તો જુદી વિલક્ષણતા છે. આપ તો જ્ઞાન–દર્શનાદિ શ્રીમાન સંપત્તિથી સંપત્તિશાળી છો છતાં અજ્ઞાની એવા નિર્ધનના હિત માટે આપની દિવ્યધ્વનિ છૂટે છે. માટે આપની જાત બીજા શ્રીમંતોથી નિરાળી છે.

આવે છે ને

" પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ !
નિજસત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ !"

સંસારના પ્રાણીને આપ અનંત જ્ઞાન આદિ સંપત્તિથી સંપન્ન જોઈ રહ્યા છો. પર્યાયે અજ્ઞાની જીવોને પણ આપ ગણતરીમાં ગણી રહ્યા છો. 'સર્વ જીવ છે સિદ્ધ સમ!' ભૂલ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી એમ માનો છો માટે આપ તો કોઈ જુદી જાતના શ્રીમાન્ છો. આપની રીત નીરાળી છે. દ્રવ્યમાં જે ભરેલું હતું તે પર્યાયમાં પ્રગટ આપે કર્યું છે અને આપ સંસારના પામર પ્રાણીના દ્રવ્યની શુદ્ધતા જોઈને તેને ગણતરીમાં ગણો છો. આ જુઓ, કવિ પોતાની ચૈતન્યસત્તાના ગાણા ગાઈ રહ્યા છે કે અમે અમારી સત્તાને જોઈએ છીએ તેમ ભગવાન! તમે દરેક પ્રાણીની સત્તાને જુઓ છો.

હે પ્રભુ! ધનવાનો નિર્ધન ને હલકી દૃષ્ટિએ જુએ છે, પરંતુ આપ અનંત જ્ઞાનાદિ સંપત્તિથી સંપન્ન ધનવાન હોવા છતાં જ્ઞાનાદિ રહિત અજ્ઞાની પ્રાણીને હલકી દૃષ્ટિથી જોતા નથી. પર્યાયમાં ભૂલ્યો છે પણ વસ્તુસ્વભાવમાં કે ગુણમાં એ ભૂલની ગંધ પણ નથી એમ તમે જુઓ છો. જુઓ આ ચૈતન્યના ગાણા ગાય છે હો! પર્યાયમાં ભૂલ છે તેને અમે નથી જોતાં, નિર્મૂલ–નિર્દોષ ચૈતન્યની પ્રભુતાને અમે જોઈએ છીએ. જુઓ, ચૈતન્યની ભક્તિ ને ભગવાનની ભક્તિ!

હે પ્રભુ! સંસારના ધનવાનમાં ને આપમાં આટલો મોટો ફેર છે? બંનેની શ્રી લક્ષ્મીમાં ઓલાને તો ધન–મકાન–સોનું, ચાંદી, હીરા બધી જડ સંપત્તિ અને આપની તો બધી જ્ઞાનમય અનંત ચતુષ્ટય સંપત્તિ છે. પ્રભુ! મારી પાસે ઈ બધી સંપત્તિ છે પણ મેં ઈ શ્રદ્ધા–જ્ઞાનથી નક્કી કર્યું છે અને આપે તો સ્થિરતા દ્વારા પ્રગટ કરીને પર્યાયમાં અનંત ચતુષ્ટય પ્રગટ કર્યા છે.

स्ववृद्धिनिःश्वासनिमेषभाजि, प्रत्यक्षमात्मानुभवेपि मूढः ।
किं चाखिलज्ञेयविवर्तिबोधस्वरूपमध्यक्षमवैति लोकः ॥ २२ ॥

निज शरीर की वृद्धि श्वास-उच्छ्वास और पलकें झपना ।
ये प्रत्यक्ष चिन्ह है जिसमें, ऐसा भी अनुभव अपना ॥
कर न सकें जो तुच्छबुद्धि वे, हे जिनवर; क्या तेरा रूप ।
इन्द्रियगोचर कर सकते हैं, सकल ज्ञेयमय ज्ञानस्वरूप ? ॥ २२ ॥

આ નજીકની શરીરસંપદાની વૃદ્ધિ સમયે-સમયે થઈ રહી છે તેને પણ જીવ જાણી શકતો નથી. શ્વાસોચ્છ્વાસ પણ દેખાતા નથી. આંખની ટિમકાર પણ જોઈ શકતો નથી. આવી નજીકની સંપદાને પણ આ મૂરખ જાણી શકતો નથી તો એ જ્ઞાનસ્વરૂપ પોતાને કેવી રીતે જાણી શકે? વર્તમાન વિકલ્પ અને પુણ્ય-પાપના ભાવને ને એના બંધને જાણતા નથી તે અબંધસ્વભાવી ભગવાન આત્મા કઈ રીતે જાણી શકશે? આ ધનંજય કવિની કોઈ જુદી જ જાતની સ્તુતિ છે. ભગવાન! શરીરની ક્રિયાને ને પુણ્ય-પાપ રાગ ભાવને ને તેના બંધનને જ્ઞાનમાં જે લેતો નથી ને કહે કે હું આત્માને જાણું છું તે મૂઢ છે. એક સમયની પ્રગટ પર્યાયની સ્વતંત્રતાને જાણતો નથી તે અપ્રગટ પરમાત્મદ્રવ્યને કેવી રીતે જાણે? કોઈ રીતે ન જાણી શકે. ભાઈ! તારી અંતરની લીલા કોઈ અલૌકિક છે. તારા પૂર્ણાનંદ સ્વભાવની શું વાત કરવી? વિકલ્પથી જાણવામાં ન આવે એવો વિકલ્પાતીત ભગવાન આત્મા છે.

જે મનુષ્ય પોતાના શરીરના શ્વાસોચ્છ્વાસ, આંખોની પલક આદિને પણ જાણી શકતો નથી તે જ્ઞાનસ્વરૂપ તથા આત્મામાં બિરાજમાન હે ભગવાન! આપને કેવી રીતે જાણી શકે? અર્થાત્ જાણી શકતો નથી. ૨૨.

વળી કહે છે કે—

तस्यात्मजस्तस्य पितेति देव, त्वां येऽवगायन्ति कुलं प्रकाश्य ।
तेऽद्यापि नन्वाश्मनमित्यवश्यं, पाणौ कृतं हेम पुनस्त्यजन्ति ।। २३ ।।

'उनके पिता' 'पुत्र हैं उनके', कर प्रकाश यों कुल की बात ।
नाथ; आपकी गुण-गाथा जो, गाते हैं रट रट दिनरात ॥
चारु चित्तहर चामीकर को, सचमुच ही वे विना विचार ।
उपल-शकल से उपजा कहकर, अपने करसे देते डार ॥ २३ ॥

હે આદિશ્વર નાથ! ધર્મની આદિ કરનારો ચૈતન્યનાથ! અહીં તો આદિનાથ ભગવાનને કહે છે કે હે નાથ! જે આપને નાભિરાયના પુત્ર તરીકે ઓળખાવે છે તે વાત સાચી?! મહાત્મા-ધર્માત્મા કેવળજ્ઞાની પ્રભુને તેના કુટુંબથી ઓળખાવવા એ ભૂલ છે. નાભિરાજાના પુત્ર અને ભરત ચક્રવર્તીના પિતા તરીકે જે આપને ઓળખાવે

છે તે આપનું અપમાન કરે છે. આપ કુળ સ્વરૂપે નથી. આપની શુદ્ધ પરિણતિ દ્રવ્યમાંથી પ્રગટ થઈ છે, ઉત્પન્ન થઈ છે માટે દ્રવ્ય આપનું કુળ છે. શરીરના સંબંધે ઓળખાવે છે તેને આપને ઓળખાવવાની રીત આવડી નથી.

હાથમાં આવેલ સુવર્ણને પત્થરની ખાણમાંથી ઉત્પન્ન થયેલું છે એમ કરીને ફેંકી દે છે તે મોટો મૂરખ છે. તેમ આપને શરીરના કુળથી ઓળખાવે પણ ચૈતન્ય ધાતુ નિર્મળાનંદમાંથી આપની નિર્મળ પર્યાય પ્રગટી છે તે કુળને નથી ઓળખતો તે મોટો મૂર્ખ છે–અજ્ઞાની છે–મૂઢ છે. અચિંત્ય પ્રભુ અનાદિ અનંત સ્વયંસિદ્ધ પ્રભુ એ સર્વજ્ઞનું કુળ છે, માટે ભગવાનના શરીરની સ્તુતિ કરે છે ને શરીરથી જ ભગવાનને ઓળખાવે છે તે બધાં ભૂલેલાં છે. આપની સ્તુતિ તો આપના ગુણથી છે.

મનુષ્ય તો અલ્પજ્ઞ જ હોય પણ મનુષ્ય સર્વજ્ઞ ન થઈ શકે એમ માને છે તે મૂઢ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. આત્મા અખંડ એક દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. આત્મા મનુષ્ય જ નથી. આત્મા દેવ, બાદર, સૂક્ષ્મ કાંઈ છે જ નહીં. આત્મા તો આત્મા છે. આત્માની પ્રતીતિ કરીને વીતરાગ થતાં સર્વજ્ઞ થઈ શકાય છે. મનુષ્યદેહ ભલે નિમિત્ત તરીકે હોય પણ મનુષ્યને કારણે કેવળજ્ઞાન પામે છે એમ કહેનારા પણ આત્માની પિછાણ કરી શકતા નથી.

શરીરની ક્રિયા ને રાગની ક્રિયા વડે કરીને આત્માને પહોંચીશું તેમ માનનારા આત્માની ક્રિયાને જાણતાં નથી. આત્માના સંપૂર્ણ સામર્થ્યનો વિશ્વાસ લાવીને તેમાં સ્થિરતા કરી, મનુષ્ય દેહ હોવા છતાં મનુષ્ય દેહને લઈને નહિ પણ અંતરાત્માના અવલંબને સર્વજ્ઞપદ મનુષ્યદેહમાં પ્રગટ કરી શકે છે.

કેટલાક એમ કહે વાણિયો કેવળ પામે? બ્રાહ્મણ પામે? ઈ તો નિર્ધન હતો અભણ હતો એને કેવળજ્ઞાન થાય? અરે સાંભળને! કાલનો કઠિયારો પણ આજે કેવળ લઈ શકે છે. શરીર સાથે કેવળજ્ઞાનને સંબંધ નથી. આત્માથી આત્માને કેવળજ્ઞાન થાય છે, પરથી નહિ. આ મૂઢ જીવો આત્માની અચિંત્યતાને જાણી શકતા નથી. શરીરની મજબૂતાઈ હોય તો થાય એમ માનનારા પ્રભુ! આપને કે પોતાના આત્માને એકેયને જાણતા નથી. શરીર કેવળજ્ઞાન પામતું નથી. શરીરને લઈને કેવળજ્ઞાન પમાતું નથી.

મોરપીંછીમાં તાંબુ હોય છે. ઈ તાંબાનો રસ કાઢીને એની ભસ્મ ક્ષયવાળાને આપે છે તો ઈ ક્ષયવાળાના પુણ્યનો ઉદય હોય તો ઈ ભસ્મથી ક્ષય મટી જાય છે. એ ભસ્મની કિંમત વૈદ્યને હોય છે કે આ મોરપીંછી આટલી કિંમતી છે. અજ્ઞાનીને મોરપીંછીની કાંઈ કિંમત નથી. કેમ કે એને ખબર નથી કે બહારના તાંબા કરતાં આ તાંબાની

જાત કોઈ જુદી છે. એમ શરીર ને વિકલ્પની કિંમત કરનારાને ચૈતન્યરસની કિંમત નથી તેથી એ ચૈતન્યને ભૂલી જાય છે. અરે! વિષ્ટામાંથી સોનું જડે પણ સોનુ તો સોનુ છે કે બીજું કાંઈ? સોનાની કિંમત કાંઈ ઓછી થઈ જાય છે? એમ આ શરીર-વિકલ્પ આદિ વિષ્ટામાંથી ચૈતન્યદેવ ભિન્ન હાથ આવ્યો તો શું ઈ ચૈતન્યની કિંમત કાંઈ ઘટી જાય છે? ચૈતન્ય તો ચૈતન્ય જ છે.

મેલવાળી ચીજ સારી વસ્તુમાંથી મળી હોય તોપણ તેની કિંમત નથી પણ ઊંચી વસ્તુ-હીરો કોલસામાંથી ઉત્પન્ન થયો છે તેથી શું એની કિંમત ઘટી જાય? તેમ શરીર-વિકલ્પરૂપ કોલસામાંથી એનાથી ભિન્ન ચૈતન્યહીરો જડયો તો શું તેની કિંમત ઘટી જાય? ભલે ને નીચ કુળમાંથી-ચંડાળમાંથી ચૈતન્યદેવ અંદરમાં સ્થાપ્યો તો એ ચંડાળ પણ દેવ વડે પૂજનીક છે-પૂજ્ય છે અને જો આ આત્મા ઊંચ કુળમાં જન્મીને પણ મિથ્યા શ્રદ્ધા કરતો હોય તો તેની કિંમત કાંઈ વધી જતી નથી. ૨૩.

**दत्तस्त्रिलोक्यां पटहोऽभिभूताः, सुरासुरास्तस्य महान्स लाभः ।**
**मोहस्य मोहस्त्वयि को विरोद्धुम्, मूलस्य नाशो बलवद्विरोधः ।। २४ ।।**

તીન લોકમેં ઢોલ બજાકર, કિયા મોહને યહ આદેશ।
સભી સુરાસુર હુએ પરાજિત, મિલા વિજય યહ ઉસે વિશેષ ।।
કિંતુ નાથ; વહ નિબલ આપસે, કર સકતા થા કહાં વિરોધ।
વૈર ઠાનના બલવાનોંસે, ખો દેતા હૈ ખુદકો ખોદ ।।૨૪।।

નબળા સાથે વેર કર તો ઠીક પણ સબળા સાથે વેર ન કરાય ભાઈ! સબળ ચૈતન્યધાતુનો વિરોધ ન કર ભાઈ!

આ મોહે જગતને મારી નાખ્યું છે. નવમી ગ્રૈવેઈકે જનારા દ્રવ્યલિંગી મુનિ પણ મેં આ કર્યું, મેં ૨૮ મૂળગુણ પાળ્યાં એમ અભિમાન કરીને મોહથી મરે છે. મોહ બળિયા પાસે જગતના બધાં જીવો હારી જાય છે. પણ આપે તો હે નાથ! મોહને પણ હરાવ્યો. છે. આપ તો મહાબળવાન છો. મિથ્યાત્વ-અજ્ઞાનને જીતી આપ તો સર્વજ્ઞ થઈ ગયા.

એક મૂરખની વાત આવે છે! એક વાવ હતી તે ગામથી બહુ દૂર પડતી હતી. બધાં મૂરખા ભેગા થયાં ને વાવના મોઢા આગળના ભાગમાં ધોતીયા બાંધીને ખેંચવા માંડયાં. ત્યાં ધોતીયા ફાટવા માંડયા. ત્યાં મૂરખા કહે કે એ વાવ ચસકી? અરે મૂરખ! વાવ નહિ તારાં લૂંગડા ફાટયાં છે! એમ આ અજ્ઞાની મૂર્ખ દયા-દાન-પૂજા કરીને કહે કે અમે કાંઈક આગળ વધ્યાં છીએ. પણ ભાઈ! શુભ-અશુભની જાળમાં આત્મા ન પકડાય ભાઈ! તું મૂર્ખાઈ કર મા! પણ મોહે જગતને હરાવી દીધું છે. એવા મોહરાજાને આપ જીતી ગયા છો પ્રભુ! મોહરહિત જ આપની કિંમત કરી શકે છે. મોહમાં પડેલાં આપની કિંમત આંકી શકતા નથી. ૨૪.

मार्गस्त्वयैको ददृशे विमुक्तेः, चतुर्गतीनां गहनं परेण ।
सर्वं मया दृष्टमिति स्मयेन, त्वं मा कदाचित् भुजमालुलोकः ।। २५ ।।

તુમને કેવલ એક મુકિત કા, દેખા માર્ગ સૌખ્યકારી ।
પર ઔરોંને ચારો ગતિ કે, ગહન પંથ દેખે ભારી ।।
ઈસ સે સબ કુછ દેખા હમને, યહ અભિમાન ઠાન કરકે ।
હે જિનવર; નહિં કભી દેખના, અપની ભુજા તાન કરકે ।। ૨૫ ।।

પ્રભુ! આપે તો એક જ માર્ગ-મોક્ષનો એક જ માર્ગ બતાવ્યો છે ને જગતના લોકોએ તો અનેક માર્ગ બતાવ્યાં છે. અન્ય દેવોએ ચારગતિના અનેક માર્ગ બતાવ્યા છે. માટે મોટા થઈ ગયા ઈ ને આપ થઈ ગયા નાના! બીજી રીતે કહે છે કે, હે ત્રિલોકનાથ પરમાત્મા! અથવા હે આત્મા! આ તારામાં અનુભવની દ્દષ્ટિ–શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ એક જ મોક્ષમાર્ગ તેં માન્યો છે અને અજ્ઞાનીઓએ તો વ્યવહાર પણ મોક્ષમાર્ગ, દેહની ક્રિયા પણ મોક્ષમાર્ગ એમ બે-ચાર મોક્ષમાર્ગ બતાવ્યા છે. એ બધી રખડવાની કેડીઓ છે. આપનો તો એક ધોરી માર્ગ છે મોક્ષનો પ્રભુ!

હે ભગવાન! આપે તો ચાર ગતિના નાશનો–પરતંત્રતાના નાશનો ઉપદેશ આપ્યો છે ને અજ્ઞાની દેવો તો ચારગતિમાં રખડવાનો ઉપદેશ આપે છે. પ્રભુ! આપે તો ધારાવાહી એક માર્ગ બતાવ્યો છે. ચારગતિનો નાશ અને નિર્વાણની પ્રાપ્તિ–પરતંત્રતાનું નિવારણ અને સ્વતંત્રતાની પ્રાપ્તિનો એક જ માર્ગ આપે બતાવ્યો છે.

ઘમંડીનો એવો સ્વભાવ હોય છે કે ઘમંડથી વારંવાર પોતાની ભુજા સામે જુએ છે પણ આપે કદી ઘમંડથી એમ જોયું નથી. ચોખા ને કોથળો જુદા હોવાથી તેની કિંમત એક ન હોવાથી કોઈ ચોખાને અને કોથળાને એક માની લેતા નથી તેમ કથનપદ્ધતિ બે પ્રકારે આવે તેથી બે મોક્ષમાર્ગ માની લેવાય નહિ. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–શાંતિના કથન આપે બે પ્રકારે કર્યા તો અજ્ઞાની બે મોક્ષમાર્ગ માની લે તો તે મૂઢ જીવ ચારગતિમાં રખડે છે. અન્ય દેવી–દેવતા ચાર ગતિના માર્ગથી પરિચિત છે માટે એ જ માર્ગ બતાવે ને! અને આપે તો કોઈ અલૌકિક અદ્દશ્ય માર્ગ જોયો છે માટે આપ આ માર્ગ બતાવો છો. વચનાતીત–મનાતીત–નિર્વિકલ્પ અંતર મોક્ષમાર્ગ એક જ આપે બતાવ્યો છે. અન્ય દેવતા કરતાં ઓછો—એક જ મોક્ષમાર્ગ આપે બતાવ્યો છે માટે આપને અભિમાન નથી. શ્લોકનું તાત્પર્ય એ છે કે હે પ્રભુ! આપ તો અભિમાન રહિત છો અને નિશ્ચિત મોક્ષ જવાવાળા છો પણ અન્ય દેવી દેવતા પોત–પોતાના કાર્ય અનુસાર ચારેય ગતિમાં ઘૂમ્યા કરે છે. જુઓ! આ પ્રમાણે ચૈતન્ય નિર્મળાનંદ ભગવાનની ભકિત કરવી એનું નામ સાચી ભકિત છે. [ ક્રમશઃ ]

—૦—

# * વૈરાગ્યજનની બાર ભાવના *

શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

( પ્રવચન–પાંચમું )

અધ્રુવ ભાવનાનું વર્ણન ચાલે છે, તેમાં શરીરાદિનું અનિત્યપણું બતાવે છે.

जन्म मरणेन समं सम्पद्यते यौवनं जरासहितम् ।
लक्ष्मीः विनाशसहिता इति सर्वं भंगुरं जानीत ।। ५।।

**અર્થ**:— હે ભવ્ય! આ જન્મ છે તે તો મરણસહિત છે, યૌવન છે તે વૃદ્ધાવસ્થા સહિત ઉપજે છે અને લક્ષ્મી છે તે વિનાશ સહિત ઉપજે છે,–આ પ્રમાણે સર્વે વસ્તુને ક્ષણભંગુર જ જાણ! ૫.

હે ભવ્ય! ભાવના તો જ્ઞાનાનંદ નિત્ય સ્વભાવની કરવાની છે; અનિત્ય ભાવનાનો અર્થ એમ નથી કે પોતાને અનિત્યપણે ભાવવો. 'હું તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવ છું'–એવી ભાવના પૂર્વક પર પ્રત્યે વૈરાગ્ય હોય છે. એટલે આ શરીરાદિ અનિત્ય છે –એમ અનિત્ય ભાવના ભાવે છે. તેથી ધર્મીને પર પ્રત્યે એકત્વબુદ્ધિથી હર્ષ-શોક થતા નથી.

જગતમાં જેટલી અવસ્થાઓ ઉપજે છે તે બધી પ્રતિ પક્ષ સહિત છે. એટલે કે જેનો જન્મ થયો તેનો નાશ થાય જ છે. જેનો સંયોગ થયો તેનો વિયોગ થઈ જાય છે. આમ જાણે તો સંયોગ-વિયોગના કારણે હર્ષ–શોક થાય નહિ. બાળકનો જન્મ થયો ત્યારથી જ મરણને ભેગું લાવ્યો છે.

સ્વર્ગનો જન્મ થતાં હું ઊપજ્યો એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ કરે તે મિથ્યાદ્રષ્ટિનો હર્ષ છે. દેહનો વિયોગ થાય ત્યાં પણ જ્ઞાનીને નિત્ય સ્વભાવની જ ભાવના હોવાથી પર્યાય બુદ્ધિનો શોક તેને થતો નથી.

સમ્યગ્દ્રષ્ટિને તો અખંડ દ્રવ્યની જ રુચિ અને ભાવના છે નિત્ય સ્વરૂપના આશ્રયપૂર્વક તે એવી અનિત્ય ભાવના ભાવે છે કે આ જન્મ તો ક્ષણિક છે, જન્મ થયો તે મરણ સહિત છે; અને પર્યાયમાં ક્ષણિક રાગ–દ્વેષ થાય છે, તે મારું નિત્ય સ્વરૂપ નથી પણ ક્ષણિક છે. તે રાગ-દ્વેષ પરને કારણે પણ થયા નથી ને મારા સ્વભાવથી પણ થયા નથી. તે ક્ષણિક પર્યાય છે. આમ જાણતો ધર્મી તે વિકારની ભાવના કરતો નથી.

જન્મ થાય ત્યાં તેને જ સ્થિર જાણીને અજ્ઞાની હર્ષ કરે છે. સ્થિર તો પોતાનું આત્મદ્રવ્ય છે, તેનું જેને ભાન નથી એવો અજ્ઞાની જીવ પર્યાયમાં જ સ્થિરતાની બુદ્ધિ

કરીને રાગ કરે છે. પુત્રનો જન્મ થાય ત્યાં જ્ઞાની તે પુત્રના જન્મના કારણે રાગ માનતા નથી. રાગ થવો તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. ધર્મી તેનો જાણનાર રહે છે. રાગ વખતે રાગના અભાવરૂપ જ્ઞાનનું પરિણમન છે. એટલે કે રાગ સાથે એકત્વબુદ્ધિથી ધર્મીને રાગ થતો નથી. 'અહો! આ દેહનો સંયોગ અનિત્ય છે!'— એમ ધર્મી ચિંતવે છે. તેમાં વિકલ્પની મુખ્યતા નથી. કેમકે પર્યાયબુદ્ધિથી રાગ થતો નથી. જેને પર્યાયબુદ્ધિ છે, તે પર્યાયને નિત્ય રાખવા માગે છે-તે મિથ્યાબુદ્ધિ છે. ધર્મી જીવ તો નિત્ય સ્વભાવની દૃષ્ટિ સાથે રાખીને પર્યાયોને અનિત્યપણે ભાવે છે; એટલે નિત્ય સ્વભાવની ભાવનાથી ક્ષણે ક્ષણે વીતરાગતા વધતી જાય છે, આનું નામ ખરી ભાવના છે. ધર્મીએ જ્ઞાનસ્વભાવને જાણ્યો છે-તેની જ તેને મુખ્ય ભાવના વર્તે છે.

જુઓ ભાઈ! ધર્મીને પર સંયોગની તો ભાવના નથી, અને ખરેખર જ્ઞાની પરને દેખતો નથી, પણ ધર્મીની દૃષ્ટિમાં તો અખંડ જ્ઞાનસ્વભાવની જ મુખ્યતા છે. પહેલાંની પર્યાયને પણ તે મુખ્યપણે જોતો નથી.

આત્માને કેવળજ્ઞાન થતાં તેમાં લોકાલોક એક સાથે જણાય છે, ને સદાય તે જ્ઞાનમાં લોકાલોક જણાયા જ કરે છે, એટલે ત્યાં જ્ઞેય જ્ઞાયકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહ્યા કરે છે. અહીં કેવળજ્ઞાનની એકરૂપ ધારા છે અને એને જ્ઞેયપણે લોકાલોક સદાય રહ્યા કરે છે. પણ છદ્મસ્થને જ્ઞાનપર્યાય ક્ષણે ક્ષણે બીજા બીજા જ્ઞેયને જાણવા રૂપે પલટી જાય છે. નવી નવી પર્યાય પલટે છે. તે પર્યાય તે કાળના જ્ઞાનને અને તે તે કાળના જ્ઞેયને જાણે છે, એટલે તે જ્ઞાન અને જ્ઞેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહેતો નથી. સ્વભાવના આશ્રયે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે તે સદા એવું ને એવું ટકી રહે છે. નીચલી દશામાં જ્ઞાનપર્યાય પ્રગટી તે પણ પોતાથી જ છે. તે જ્ઞાન જ્ઞેયને લીધે નથી, ને રાગને લીધે પણ નથી. મારું જ્ઞાન મારે લઈને અને પરની પર્યાય પરને લઈને-એવું ભાન હોવાથી ધર્મીને પર્યાયના ફેરફારે હર્ષ-શોક થતા નથી પણ સ્વભાવની ભાવના કરતા એકાગ્રતા અને સંવર વધતા જાય છે. અજ્ઞાનીને પર સંયોગને લીધે હર્ષ-શોકની માન્યતાને લીધે આસ્રવ વધતો જાય છે.

જન્મ થતાં તેને સ્થિર માનીને અજ્ઞાની હર્ષ કરે છે, પણ અનિત્યતાને તે જાણતો નથી, અને મરણ થતાં તેનો સર્વથા નાશ માનીને અજ્ઞાની શોક કરે છે, પણ ભાઈ! પર્યાય પલટવાનો તો જગતનો સ્વભાવ છે. કાંઈ જગતમાંથી જીવ કે અજીવ વસ્તુનો નાશ થઈ જતો નથી. વસ્તુ કાંઈ ઉપજતી કે નાશ પામતી નથી પણ તેની પર્યાય ઉપજે છે ને પર્યાય નાશ પામે છે. તે પર્યાયની ઉત્પતિ અને વિનાશ દેખીને અજ્ઞાની વસ્તુની જ ઉત્પત્તિ કે વિનાશ માનીને હર્ષ-શોક કરે છે, પણ પર્યાયના અનિત્ય સ્વભાવને જાણતો નથી તેથી તેને મિથ્યાત્વ સહિતનો હર્ષ-શોક છે.

ઇષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો–તે તો પર પદાર્થની પર્યાયનો ધર્મ છે. આ જીવને કારણે તેનો સંયોગ વિયોગ થતો નથી. ધર્મી તો જાણે છે કે પર ચીજનો સંયોગ વિયોગ તે મારે આધીન નથી; ને તે પર ચીજના સંયોગ વિયોગના કારણે મને હર્ષ–શોક થતો નથી. સંયોગ કે વિયોગ તે બન્ને ક્ષણિક પર્યાયનો ધર્મ છે. હું તો અસંયોગી ચૈતન્યતત્ત્વ છું–એમ નિત્ય સ્વભાવની ભાવનાપૂર્વક ધર્મીજીવ સંયોગોની અનિત્યતાની ભાવના ભાવે છે.

અજ્ઞાનીને ધ્રુવ જ્ઞાનસ્વભાવની ભાવના નથી એટલે ક્ષણિક સંયોગ વિયોગમાં જ તે હર્ષ–શોક કરે છે. જગતના પદાર્થો તો તેના પર્યાય ધર્મ પ્રમાણે બદલાયા જ કરે છે. ત્યાં "આ સંયોગ મને ઇષ્ટ અને આ સંયોગ મને અનિષ્ટ" એમ માની તેની પર્યાયમાં અજ્ઞાની હર્ષ–શોક કરે છે.

બંદૂકની ગોળી આવે ત્યાં "હાય! હાય!" કરીને અજ્ઞાનીને શોક થાય છે, ને ગોળીમાંથી બચી જાય ત્યાં 'હાશ' કરીને હર્ષ કરે છે; સંયોગ – વિયોગમાં જ તેણે સર્વસ્વ માની લીધું છે. પણ મારા ધ્રુવ ચૈતન્યસ્વભાવમાં પરનો સંયોગ–વિયોગ છે જ નહિ એવું તેને ભાન નથી એટલે તેને સંયોગમાં એકત્વબુદ્ધિથી રાગ–દ્વેષ થાય છે, માટે નિત્ય જ્ઞાનાનંદસ્વભાવને જાણીને, સંયોગ–વિયોગ તે અનિત્ય છે, એમ ભાવના ભાવીને સમતારૂપ રહેવું.

હવે દાખલો આપીને અનિત્યતા સમજાવે છેઃ—

अस्थिरं परिजनस्वजनः पुत्रः कलत्रं सुमित्रं लावण्यम् ।
गृहगोधनादि सर्वं नव धन वृन्दन सृदृशं ॥ ६ ॥

**અર્થ :—** જેમ નવીન મેઘનાં વાદળ તત્કાળ ઉદય પામીને વિલય પામી જાય છે, તેવી જ રીતે આ સંસારમાં પરિવાર, બંધુવર્ગ, પુત્ર, સ્ત્રી, ભલા મિત્રો, શરીરની સુંદરતા, ઘર અને ગોધન આદિ સમસ્ત વસ્તુઓ અસ્થિર છે.

વાદળાં આવે તે વીખરાઈ જાય તેમ જગતમાં સ્ત્રી–પુત્ર વિગેરેનો સંયોગ આવે તે ક્ષણમાં ચાલ્યો જાય છે. ખરેખર તો એક એક સમયમાં સ્ત્રી–પુત્રાદિની પર્યાયો પલટી જાય છે. જ્ઞાની તો તેમની પર્યાયને એકેક સમયમાં પલટતી જાણે છે–તેથી તેને તેમાં સુખબુદ્ધિ થતી નથી. જે કાંઈ સ્ત્રી–પુત્રાદિનો પરિવાર છે તે એકેક સમયમાં પલટી રહ્યો છે. પુત્રનો જન્મ થયો તે જ સમયથી દરેક સમયે તે મરણની સન્મુખ થતો જાય છે. માતા કહે "દીકરો મોટો થાય છે"–તો જ્ઞાની કહે છે કે સમયે સમયે તેનું આયુષ્ય ઓછું થતું જાય છે. એટલે કે તે મરણની સન્મુખ થતો જાય છે. "૫૦

વર્ષનું આયુષ્ય" એમ કહેવાય તે તો સ્થૂળ ઋજુસૂત્રનયનું કથન છે. પણ તે સ્થૂળ ઋજુસૂત્રનય ક્યારે કહેવાય?-કે તે જ વખતે સૂક્ષ્મ ઋજુસૂત્રનું પણ ભાન હોય કે સમયે સમયે તેની પર્યાયનો વિનાશ થઈ રહ્યો છે.

અજ્ઞાનીને યથાર્થ અનિત્ય ભાવના હોતી નથી. તે તો પર્યાયને ટકાવી રાખવા માગે છે. ખરેખર પદાર્થના પર્યાયધર્મને જુએ તો તેનો આશ્રય છોડીને ધ્રુવ સ્વદ્રવ્ય તરફ વળ્યા વિના રહે નહિ. અનુકૂળ પુત્ર-મિત્ર વિગેરે પરિવારને દેખતાં તે ક્ષણિક પર્યાયને જ સ્થિર માને છે તે જીવે પર્યાયને જ સર્વસ્વ માનીને અખંડ દ્રવ્યને ઉડાડી દીધું! અત્યારે સુંદર દેહ હોય ને ભવિષ્યમાં ગંધાતું કૂતરું થવાનું હોય. ત્યાં અજ્ઞાની તો વર્તમાન સુંદર દેહને દેખીને તેને જ કાયમી માનીને રાગ કરે છે. પણ અહીં તો કહે છે કે પર્યાયને અનિત્ય જાણીને તું તારા ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવની ભાવના કર. ધ્રુવ સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવી અનિત્ય વિગેરે ભાવના ભાવતાં ધર્મીની પર્યાયમાં ક્ષણે ક્ષણે આનંદ વધતો જાય છે. માટે આ ભાવનાઓને "ભવ્યજન આનંદજનની" કહી છે.

પદાર્થ આવે તે તેના પર્યાયધર્મથી આવે છે, ત્યાં મારા કારણે તે પદાર્થ આવ્યો, એમ માનીને મૂઢ જીવ રાગ કરે છે, પણ પદાર્થો તો તેના પર્યાયધર્મથી આવે છે. તેના પર્યાયધર્મને ફેરવવાનું માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુમાં "દ્રવ્યધર્મ" ને "પર્યાયધર્મ" એમ બંને પ્રકારના ધર્મ છે. પર્યાયધર્મથી સમયે સમયે પલટે છે ને દ્રવ્યધર્મથી વસ્તુ ત્રિકાળ શાશ્વત્ છે. પદાર્થોનો પર્યાય સ્વભાવ જ ક્ષણે ક્ષણે પલટવાનો છે. હું તેને મેળવું કે દૂર કરું-એમ માને તો તેણે પર્યાયને અનિત્ય જાણી નથી. એટલે કે વસ્તુના પર્યાયધર્મને જાણ્યો નથી. અહો! પદાર્થની પર્યાય ક્ષણે ક્ષણે પલટયા કરે-એવો તેનો સ્વભાવ જ છે તેમાં હર્ષ-શોક શો? દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ છે-આમ જાણીને નિત્ય વસ્તુની ભાવના કરીને પર્યાય ધર્મને જેમ થાય તેમ જાણવો-એમાં એકલી વીતરાગતા જ થાય છે. આ તો જેને વીતરાગતા જોઈતી હોય તેને માટેની વાત છે. પદાર્થોને પર્યાયથી અનિત્ય જાણ્યા ત્યાં પર્યાયના કારણે હર્ષ-શોક માનીને જે હર્ષ-શોક થતાં તે હર્ષ-શોક છૂટી ગયા, ને સ્વભાવ તરફ વળ્યો; સ્વભાવના કારણે હર્ષ-શોક થતા નથી, એટલે એકલું જ્ઞાતાપણું ને વીતરાગ ભાવ જ થાય છે. પુત્ર, ઘર, લક્ષ્મી વિગેરે પર્યાયોને દેખતાં અજ્ઞાની એમ માને છે કે "મને આ મળ્યું"—એમ તેને સ્થિર કલ્પીને તેમાં મોહથી રાગ કરે છે. ધ્રુવ દ્રવ્ય ને અધ્રુવ પર્યાય-એ બંનેના મેળ વિના પરવસ્તુની પર્યાયમાંથી હર્ષ-શોકની બુદ્ધિ ટળે નહિ. જગતના બધા પદાર્થોની પર્યાય તેના સ્વભાવથી જ અસ્થિર છે. દ્રવ્ય કદી પોતાની પર્યાય વગરનું હોય નહિ ને પર્યાય કદી સ્થિર રહે નહિ. આવું જેને ભાન છે એવા ધર્મીને યથાર્થ અનિત્ય ભાવના હોય છે. (—ક્રમશઃ) *

# ભવ્ય જીવોના મોક્ષને માટે ........

[ શ્રી નિયમસારશાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવે રચેલું આ નિયમસાર વાંચય છે. તેની ટીકા પદ્મપ્રમલધારીદેવે કરી છે, તેઓ જંગલમાં વસનારા આત્માનંદમાં ઝૂલનારા ભાવલિંગ સંત હતા.

મંગલાચરણમાં પ્રથમ જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યા ને પછી જિનવાણીને નમસ્કાર કર્યા. હવે ત્રીજા શ્લોકમાં ગુરુને નમસ્કાર કરે છે.

**શ્લોકાર્થ :—ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન, તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને, શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને અને તદ્‌વિદ્યાથી(-સિદ્ધાંતાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધ વીરનંદિ મુનીન્દ્રને હું વંદું છું. ૩.**

ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીંદ્રને હું નમસ્કાર કરું છું. આ મુનિ મહા નિર્ગ્રંથ દિગંબર સંત હતા. સિદ્ધસેન દિવાકર કહેવાય છે તે આ નથી. આ સિદ્ધસેન મુનીંદ્ર તો ભાવલિંગ સંત હતા. મહાન સ્વરૂપલક્ષ્મીના સ્વામી હતા, તેમને અહીં નમસ્કાર કર્યા છે.

તર્કરૂપી કમળને ખીલવનારા સૂર્ય સમાન અકલંક મુનીન્દ્રને હું નમસ્કાર કરું છું. આ પણ ભાવલિંગ સંત હતા આત્માના આનંદમાં ઝલતા હતા. તેમણે તત્ત્વાર્થ સૂત્રની તત્ત્વાર્થરાજવાર્તિક ટીકા વગેરે ન્યાયના ગ્રંથો બનાવ્યા છે.

શબ્દસિંધુને ઉછાળનાર ચંદ્રસમાન પૂજ્યપાદ મુનીન્દ્રને નમસ્કાર કરું છું. આ મહા ભાવલિંગી સંત હતા, તેમણે તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધ નામની ટીકા રચી છે.

તે સિદ્ધાંત વગેરે ત્રણેના જ્ઞાનથી સમૃદ્ધ એવા શ્રી વીરનંદી સિદ્ધાંત ચક્રવતીને નમસ્કાર હો. આ વીરનંદી તે પોતાના ગુરુ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવના આ ગ્રંથની ટીકાની શરૂઆત કરતાં પહેલાં સંતોનું સ્મરણ કરીને તેમના ચરણ કમળમાં નમસ્કાર કર્યા છે.

આ રીતે દેવ-શાસ્ત્ર અને ગુરુને નમસ્કાર કર્યા છે.

હવે આ ટીકા હું શા માટે કરું છું ? તે જણાવે છે.

શ્લોકાર્થ :—ભવ્યોના મોક્ષને માટે તેમજ નિજ આત્માની શુદ્ધિને અર્થે નિયમસાર 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા હું કહીશ. ૪.

પુણ્ય બંધાય ને સ્વર્ગ મળે તે આ ટીકાનો આશય નથી. પણ ભવ્ય જીવો આત્માને સમજીને મોક્ષ પામે તે માટે હું આ ટીકા બનાવું છું.

પંચમકાળમાં મોક્ષ નથી એ વાતને યાદ કરી નથી, પણ જે જીવ ભવ્ય છે ને જે આત્માને સમજીને મોક્ષનો કામી છે, તે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરાધક થઈને મોક્ષને પામવાનો જ છે. મંગલાચરણમાં જેવા દેવ-ગુરુ-શાસ્ત્રને નમસ્કાર કર્યા છે તે સિવાય બીજા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો છૂટી ગઈ છે. એવો જીવ આ વાત સાંભળવા ઉભો છે. એવા ભવ્ય જીવોના મોક્ષને માટે હું આ ટીકા કહીશ. જે જીવ લાયક છે-મોક્ષ માટેની જેની તૈયારી થઈ ગઈ છે, એવા શ્રોતાજનોના મોક્ષને માટે હું આ ટીકા કહું, એટલે શ્રોતા પણ તેવા જ હોવા જોઈએ કે જેને મોક્ષ સિવાય સ્વર્ગાદિની ઈચ્છા ન હોય.

નિમિત્ત તરીકે ભવ્ય જીવોના મોક્ષને માટે હું ટીકા કરું છું ને ઉપાદાન તરીકે હું મારા આત્માની શુદ્ધતાને અર્થે આ ટીકા કરું છું. આ ટીકા દ્વારા શુદ્ધ ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવનું ઘોલન કરતાં વિકલ્પ તૂટી જશે ને શુદ્ધતા વધી જશે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારના મંગલાચરણમાં પણ એમ જ કહ્યું છે.

આ ટીકા ભવ્ય જીવોના મોક્ષને માટે કરવામાં આવી છે, એટલે તેમાંથી રાગનો કે સંસારનો આશય કાઢે તો તે ટીકાને સમજ્યો નથી. મારે પોતાને અંતરમાં દ્રવ્ય તરફનો ઝુકાવ છે. મારું વલણ ટીકાના શબ્દો ઉપર કે વિકલ્પ ઉપર નથી. પણ ચૈતન્ય-સ્વભાવનું ઘૂટણ ચાલે છે, તેના જોરે મારો વિકલ્પ તૂટીને શુદ્ધતા વધી જશે. ભવ્ય જીવોને મોક્ષ થાય ને મારા આત્માની શુદ્ધિ થાય-તે આ ટીકાનું ફળ છે. 'મોક્ષમાર્ગને માટે' એમ ન કહ્યું પણ "મોક્ષને માટે" જ એમ કહ્યું. જ્યાં સ્વભાવની દૃષ્ટિ કરી ત્યાં દૃષ્ટિમાં તો મોક્ષ થઈ જ ગયો ને તે જીવ અલ્પકાળે મોક્ષ પામી જશે. એટલે કહ્યું કે હું ભવ્ય જીવોના મોક્ષને માટે અને મારા આત્માની શુદ્ધતા માટે આ નિયમસારની ટીકા કહીશ.

એ રીતે ટીકા કરવાની પ્રતિજ્ઞા તો કરી પણ હવે પોતાની નિર્માનતા જાહેર કરતાં વિનયપૂર્વક કહે છે કેઃ—

શ્લોકાર્થ :—ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થ સમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ? ૧૫.

તીર્થંકર ભગવાનના શ્રીમુખેથી જે ધ્વનિ નીકળ્યો તે ગણધરદેવે ઝીલ્યો, તે ગુણના ધરનારા ગણધરદેવથી રચાયેલું અને ત્યાર પછી શ્રુતજ્ઞાનને ધરનારા સંતોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થ સમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ? સંતોની પરંપરામાં કુંદકુંદાચાર્યદેવ વગેરે આવી જાય છે. વચ્ચે સંતોની પરંપરામાં ફાંટો પડીને જે વિપરીતતા થઈ તેની આમાં વાત નથી. આમાં તો ઠેઠ ગણધરની પરંપરાથી જે તત્ત્વ આવ્યું ને ભગવાન કુંદકુંદાચાર્યદેવે જે વ્યક્ત કર્યું તેનું જ કથન છે. તે તત્ત્વનું કથન કરવામાં હું મંદબુદ્ધિ તે કોણ? અહો! પોતે મહા સમર્થ સંત હોવા છતાં મહાસંતોની પાસે કેટલી નિર્માનતા બતાવે છે!! તેમણે ટીકામાં એવા અલૌકિક રહસ્ય ખુલ્લાં કર્યાં છે કે બીજા કોઈ ગ્રંથમાં તેવું ખુલ્લુ રહસ્ય નથી. અંતરમાં ચૈતન્યને સ્પર્શીને શુદ્ધ કારણ પર્યાય, સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ વગેરેનું અપૂર્વ અલૌકિક રહસ્ય ખુલ્લું કર્યું છે. છતાં કહે છે કે અરે! ગણધારાદિક મહાસંતોની પાસે અમે મંદબુદ્ધિ તે કોણ?

**શ્લોકાર્થ :—હમણાં અમારૂં મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. [ એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા રચાઈ છે. ] ૬.**

રાગને લંબાવવાની ભાવના નથી. તેથી કહ્યું કે હમણાં અમને મનમાં આ શાસ્ત્રની ટીકાનો વિકલ્પ ઉઠયો છે. પહેલા વિકલ્પ ન હતો, પછી નહિ રહે, પણ 'હમણાં' એટલે કે વર્તમાન પૂરતો વિકલ્પ ઉઠયો છે કે આવા મહાન પરમાગમની ટીકા હોય તો ઠીક! પરમાગમનો જે સાર છે તેની પુષ્ટ રુચિથી અમારું મન ટીકા કરવાને માટે હમણાં પ્રેરિત થાય છે, ફરી ફરીને વિકલ્પ તે બાજુ જાય છે કે આ પરમાગમના સારને ટીકામાં ખુલ્લો કરું.

આ પરમાગમમાં અલૌકિક રહસ્ય ભર્યાં છે, તેની રુચિથી હમણાં ફરી ફરીને તેની ટીકા કરવા માટે અમારું મન પ્રેરિત થાય છે. ઘડીકમાં વિકલ્પ તૂટીને આનંદનો અનુભવ કરીએ છીએ ને વળી પાછો આ ટીકાનો વિકલ્પ ઊઠે છે, એટલે હમણાં આ ટીકા તરફ મનનો વિકલ્પ જાય છે તેથી આ ટીકા રચાય છે.

જુઓ, "અમારું મન પ્રેરિત થાય છે" એમ કહ્યું છે. વિકલ્પ ઊઠયો છે તેમાં મન નિમિત્ત છે. તે વિકલ્પ કોઈ પરના કારણે ઊઠયો નથી. પોતાની તેટલી નબળાઈને કારણે તે વિકલ્પ ઊઠયો છે. પણ તે વિકલ્પ વર્તમાન પૂરતો છે. તે વિકલ્પની ભાવના નથી, માટે કહ્યું કે "હમણાં" પ્રેરિત થાય છે. કાયમ આ વિકલ્પ રહ્યા કરો એવી ભાવના નથી. ભાવના તો આત્માની શુદ્ધિની જ છે.

આ તો મહાસંતો ભાવલિંગી મુનિ આત્માની રમણતામાં ઝૂલનારા હતા; તેમના

એકેક શબ્દ પાછળ ગૂઢ રહસ્ય ભર્યાં છે. અત્યારે આવી સત્ય વાત સાંભળવી પણ કઠણ છે. સમજવું તે તો અપૂર્વ છે. પણ આ વાતનું શ્રવણ પણ મહાભાગ્ય હોય તેને મળે છે.

આચાર્યદેવ કહે છે કે ટીકાના શબ્દોના કર્તા અમે નથી. વિકલ્પ ઊઠયો છે તેના પણ ખરેખર અમે કર્તા નથી. અમે તો જ્ઞાતા છીએ. વિકલ્પ ઊઠયો છે તેના પણ જ્ઞાતા છીએ. એવા ભાનપૂર્વક ટીકાનો વિકલ્પ ઊઠયો છે, ને ટીકા રચાય છે.

હવે, આ નિયમસારમાં શું કથન આવશે તે કહે છેઃ—

**શ્લોકાર્થ :—સૂત્રકારે પૂર્વે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થ તેમજ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે. (અર્થાત્ ભગભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે.)**

સૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન છે. તેઓ લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયા છે ને ટીકાકાર પદ્મપ્રભમલધારિ મુનિરાજ લગભગ તેરમાં સૈકામાં થઈ ગયા છે.

નિર્વિકલ્પ આત્માની જ્ઞાનક્રિયા તે સત્‌ક્રિયા છે. ને વચ્ચે શુભરાગની વૃત્તિ ઉઠે તે સત્‌ક્રિયા નથી પણ વિકારી ક્રિયા છે. ચૈતન્યસ્વભાવ ધ્રુવ પરમપારિણામિક તત્ત્વ છે તેના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા થાય તેનું નામ સત્‌ક્રિયા છે. પ્રત્યાખ્યાન કોને કહેવું ને ભક્તિ કોને કહેવી? ચૈતન્યમાં લીનતા થાય તે જ પ્રત્યાખ્યાન ને ભક્તિ વગેરે સત્ ક્રિયા છે. જે રાગ થાય તે અસત્‌ક્રિયા છે ને શરીરાદિની ક્રિયાઓ તો જડની ક્રિયા છે.

સત્‌ક્રિયા કહો કે ધર્મની ક્રિયા કહો. વચ્ચે રાગનું વર્ણન આવે તે ફક્ત જ્ઞાન કરાવવા માટે જ આવશે. પણ રાગની ક્રિયાને અમે સત્‌ક્રિયા કહેતા નથી. વીતરાગના પંથની ક્રિયા તે સત્ ક્રિયા છે. જેટલો રાગ ઊઠે તે વીતરાગના પંથની સત્ ક્રિયા નથી પણ અસત્ ક્રિયા છે.

લોકો કાંઈક ક્રિયા માગે છે. તો અહીં આચાર્યદેવ કહે છે કે અમે આ શાસ્ત્રમાં પ્રત્યાખ્યાન ભક્તિ વગેરે સત્‌ક્રિયાઓનું વર્ણન કર્યું છે. આવી સત્‌ક્રિયા જીવે કદી કરી નથી. આત્માના ભાન વિના યમ, નિયમ આદિ બધું કર્યું પણ તેને ભગવાન સત્‌ક્રિયા કહેતા નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવ પડયો છે તેના આશ્રયે થતી ક્રિયા તે જ સત્‌ક્રિયા છે. શાસ્ત્ર જાણ્યાં ને ત્યાગી થઈને વનમાં વાસ કર્યો તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયો ને સ્વર્ગમાંથી નીકળી પાછો ચાર ગતિમાં પડયો. માટે તે સત્-ક્રિયા નથી. આ શાસ્ત્રમાં કહેલી સત્‌ક્રિયા કરે તો મોક્ષ થયા વિના રહે નહિ.

અહીં ટીકાકાર મુનિરાજ આ નિયમસાર પરમાગમનો ઉપોદ્‌ઘાત કરતાં કહે છે કે સૂત્રકાર ભગવાને આ શાસ્ત્રમાં સત્‌ક્રિયાઓનું વર્ણન કર્યું છે. સત્‌ક્રિયા કોને કહેવી? જેનાથી મોક્ષ મળે તેવી ક્રિયા કોને કહેવી તેનું આમાં વર્ણન છે. જે સત્‌ક્રિયા જીવે અનંતકાળમાં નથી કરી તે સત્‌ક્રિયા આચાર્યદેવે આ શાસ્ત્રમાં બતાવી છે.

કુંદકુંદ ભગવાને આ મહાન શાસ્ત્ર રચ્યું છે. તેઓ મહાવિદેહમાં સીમંધર પરમાત્મા પાસે ગયા હતા, ને ત્યાં આઠ દિવસ રહીને પાછા આ ભરતમાં પધાર્યા હતા. તેમણે આ નિયમસાર–સમયસાર વગેરે મહાન શાસ્ત્રોની રચના કરી છે. તેમાંથી આ નિયમસારની ટીકા ભાવલિંગી સંત છઠ્ઠી–સાતમી ભૂમિકાએ આનંદમાં ઝૂલતાં મુનિ પદ્મપ્રભમલધારિદેવે કરી છે. તેઓ કહે છે કે આ નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે સત્‌ક્રિયાઓ કહી છે. બહારની ક્રિયાની વાત નથી. પણ અંતરમાં જ્ઞાનાનંદસ્વરૂપમાં રમણતા થતાં રાગ તૂટી જાય તેનું નામ પ્રત્યાખ્યાનની સત્‌ક્રિયા છે.

પહેલાં ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે પણ સત્‌ક્રિયા છે. સમ્યગ્દર્શન પછી નિશ્ચય પ્રત્યાખ્યાન-ભક્તિ વગેરેની સત્‌ક્રિયા કેવી હોય તે આમાં બતાવ્યું છે. જેને સ્વભાવનું ભાન નથી તે માત્ર નામ જૈન છે. ચૈતન્યનો જેવો સ્વભાવ છે તેને ઓળખીને મોહને જીતે તે જ સાચો જૈન છે.

આચાર્યદેવે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વો ને નવ પદાર્થોનું વર્ણન કર્યું છે; તેને જે ન જાણે તેને સમ્યગ્જ્ઞાન થાય જ નહિ. જીવને જીવ માને અજીવને અજીવ. માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ માને ને સંવરને સંવર માને એમ નવે તત્ત્વોને ભિન્ન ભિન્ન માને, અને અજીવની ક્રિયા જીવ કરે એમ માને, પુણ્યથી ધર્મ થાય એમ માને તો તેણે નવ તત્ત્વોને ખરેખર માન્યા નથી, ને તેને પ્રત્યાખ્યાનાદિ ધર્મક્રિયા હોતી નથી.

નવે તત્ત્વોને ઓળખે, ચૈતન્યસ્વભાવને ઓળખે, પછી અંદરમાં એકાગ્રતા કરે રાગ ટળી જાય તેનું નામ પ્રત્યાખ્યાનાદિ સત્‌ ક્રિયા છે. તેનું વર્ણન આચાર્યદેવે આ શાસ્ત્રમાં કર્યું છે. શરીરની ક્રિયા તે જડની ક્રિયા છે. પુણ્યની ક્રિયા તે અસત્‌ક્રિયા છે, ને ચિદાનંદસ્વભાવી આત્માની શ્રદ્ધા જ્ઞાન-એકાગ્રતારૂપ ક્રિયા તે જ સત્‌ક્રિયા છે, તેનું વર્ણન આ શાસ્ત્રમાં આવશે. (ક્રમશઃ)

# એક આધ્યાત્મિક બાતચીત

૨ જનવરી ૧૯૮૩; સોનગઢ; સૌરાષ્ટ્ર, ગુજરાત.
શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢકે હીરક
વર્ષ–શુભારમ્ભ–પ્રસંગ પર આયોજિત ચતુર્થ જૈન સાહિત્ય સમારોહકા
અવસર.
સંયોગવશ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર જાનેકા મૌકા હુઆ
ઔર શ્રી ચમ્પાબેનસે જામનગરસે આયે દર્શનાર્થિયોંકે બીચ એક સ્વસ્થ
આધ્યાત્મિક બાતચીત હુઈ.
લગા—
ગલતફહમિયોંકા અપના એક અલગ શાસ્ત્ર ઔર ફિલાસફી હૈ;
કઈ બાર તો ઉનકા સિલસિલા ઇસ કદર આગે બઢતા હૈ કિ એક વિકાસશીલ
વ્યક્તિ વ્યર્થ હી અનેક ઝંઝટોંમેં પડ જાતા હૈ ઔર ઉસકી પ્રતિષ્ઠિત છવિ
ધૂમિલ પડને લગતી હૈ. ગલતફમિયોંકે ભી દો પ્રકાર–એક, સ્વયંકી
સ્વયંકે પ્રતિ; દો, સ્વયંકો લેકર દૂસરોંકી.
સ્વ. કાનજીસ્વામીકે નિધનકે બાદ–ઉનકે જીવનકાલમેં ભી–
શ્રી ચમ્પાબેનકો કઈ ગલતફહમિયોંકા શિકાર હોના પડા. ઉન્હેં
વ્યર્થ હી બહસકા મુદ્દા બનાયા ગયા (બનાના ચાહિયે યા નહીં યહ એક
અલગ વિષય હૈ);
કિન્તુ મુઝે લગા કિ શ્રી ચમ્પાબેનમેં ઐસા કુછ ભી નહીં હ જિસે અનાવશ્યક
બહસકા મુદ્દા બનાયા જાયે ઔર જૈનધર્મ કે ચહેરેકા પાની ઉતારા જાયે.
વે કાનજી–સમૂહકી એક પ્રખર ચિન્તક હૈં ઔર આઠોં યામ આત્મસ્વરૂપકે
મનન–ચિન્તનમેં મશગૂલ રહતી હૈં;
ઉનકે અનુયાયી આતે હૈં–(સબકે, સબ કહીં આતે હૈં)–ઔર વે ઉન્હેં અપના
સામાજિક સ્નેહ પ્રદાન કરતી હૈં; ઉનકે ધાર્મિક વાત્સલ્યકી રક્ષા કરતી હૈં.
............ ................તો આઇયે,
હમ પઢેં શ્રી ચમ્પાબેનસે હુઈ ડૉ નેમીચન્દ જૈનકી
એક વિચારોત્તેજક આધ્યાત્મિક બાતચીત–

સોનગઢ, ૨ જનવરી, ૧૯૮૩

## ભેદવિજ્ઞાન, સ્વાનુભૂતિ, મુક્તિ

ડૉ નેમીચંદ જૈન : મં ઐસી પવિત્ર ભૂમિમેં આપકો નમસ્કાર કર રહા હૂં, જહાઁ શ્રી

કાનજીસ્વામીને જૈનધર્મ/વાઙ્મયકે સ્વાધ્યાયકી પરમ્પરા વિકસિત કી. સર્વપ્રથમ મૈં યહ જાનના ચાહતા હૂં કિ આપકા સ્વાસ્થ્ય કૈસા હૈ?

**ચમ્પાબેન** : પહલેસે ઠીક હૈ; કમજોરી હૈ.

**ને.** : યહ ઠીક કૈસે હો ગયા?

**ચ.** : કુદરતી હો ગયા.

**ને.** : મૈં સોચતા થા કિ આપકે ચિન્તનમેં વિકાસ હુઆ હૈ, ઉસકા શરીર પર પ્રભાવ પડા હૈ.

**ચ.** : શરીરકા કાર્ય શરીર કરતા હૈ; આત્માકા કાર્ય આત્મા કરતા હૈ. દોનોં પદાર્થ ભિન્ન હૈં. ચિન્તનકા પ્રભાવ શરીર પર નહીં હો સકતા હૈ. શરીર સ્વતન્ત્ર હૈ, આત્મા સ્વતન્ત્ર હૈ. કર્મોંકા ઉદય જૈસા આતા હૈ વૈસા પરિણમન શરીરકા સ્વતંત્રતયા હોતા હૈ. સાતાકા ઉદય આતા હૈ, તો સાતા હોતી હૈ; અસાતાકા ઉદય આતા હૈ. તો અસાતા હોતી હૈ. આત્મા સ્વતંત્ર હૈ. આત્માકા કાર્ય આત્મામેં હોતા હૈ. ચિન્તવન ઔર જ્ઞાન આત્મામેં હોતા હૈ.

**ને.** : પહલે આપકા સ્વાસ્થ્ય ઠીક નહીં થા, તો અસાતાકા ઉદય થા?

**ચ.** : હાં.

**ને.** : ઇસ બીચ સાતાકા ઉદય હો ગયા?

**ચ.** : ઉદય તો સ્વતન્ત્ર હૈ; આત્મા ઇસકા કર્તા નહીં હૈ.

**ને.** : દોનોં સ્વતન્ત્ર હૈં?

**ચ.** : દોનોં દ્રવ્ય સ્વતન્ત્ર હૈં.

**ને.** : યહી તો ભેદવિજ્ઞાન હૈ.

**ચ.** : ભેદવિજ્ઞાન તો હૈ હી.

**ને.** : પુદ્‌ગલ અલગ, આત્મા અલગ.

**ચ.** : યહ ભેદવિજ્ઞાન હૈ; દોનોં વસ્તુ ભિન્ન હૈં. વિભાવ આત્માકા સ્વભાવ નહીં હૈ. વિભાવ ભી સ્વતન્ત્ર હૈ. શુભાશુભ ભાવ હોતા હૈ વહ ભી અપને પુરુષાર્થકી મન્દતાસે હોતા હૈ, લેકિન વહ આત્માકા સ્વભાવ નહીં હૈ. આત્માકા સ્વભાવ ભિન્ન હૈ. આત્માકા કાર્ય આત્મામેં હોતા હૈ; વિભાવકા વિભાવમેં. ઇસમેં જો એકત્વબુદ્ધિ હોતી હૈ, વહ ભૂલ હૈ—ભ્રાન્તિ હૈ; જબ ભેદવિજ્ઞાન હોતા હૈ તબ યહ ભ્રાન્તિ દૂર હો જાતી હૈ ઔર ભેદજ્ઞાનકી ધારા ચલને લગતી હૈ.

**ને.** : આપને ઇંટોં પર સાંથિયા (સ્વસ્તિક) બહુત અચ્છા બનાયા હૈ.

ચ. : યહ તો હાથકી ક્રિયા હોતી હૈ; આત્માકા કાર્ય નહીં હૈ.

ને : ઇન પર આપકી શુભ કામનાએં તો હોંગી ?

ચ. : શુભ ભાવના હોતી હૈ. શુદ્ધ આત્મા તો ઇસસે ભિન્ન હૈ. શુદ્ધ આત્મા યહ નહી કરતા હૈ. શુભ ભાવસે પુણ્યબન્ધ હોતા હૈ ઔર શુદ્ધ ભાવસે શુદ્ધ પરિણતિ; ઉસસે સ્વાનુભવ હોતા હૈ, જિસસે મુક્તિ હોતી હૈ.

ને. : કયા આપને કભી સ્વસ્તિકકી આકૃતિકે બારેમેં સોચા હૈ ?

ચ. : નહીં.

ને. : કિતની ઈટોં પર આપને સાંથિયા બનાયા હૈ ?

ચ. : યે લોગ કહતે હૈં—નૌ ઇટોં પર બનાયા હૈ.

ને. : કયા ઈસકા નવકારસે કોઈ સમ્બન્ધ હૈ ?

ચ. : નવકારસે ઇસકા કોઈ સમ્બન્ધ હૈ-ઇસ પર વિચાર નહીં કિયા.

ને : યે ઇટેં કહાં લગાયી જાયેગી ?

ચ. : જામનગરમેં સમવસરણ મન્દિર બનાનેવાલે હ ં, ઇન ઇટોંસે શિલાન્યાસ કરનેવાલે હૈં.

ને. : કૌન બનાનેવાલા હૈ ?

ચ. : જામનગરકા મુમુક્ષુમણ્ડલ બના રહા હૈ. વહાં ગુરુદેવકા સ્મારક બનાનેવાલે હૈ.

ને. : ઇસ સમય ગુરુદેવ (કાનજીસ્વામી)કા સ્મરણ નિશ્ચિત હો રહા હૈ. વહાં આપ ગુરુદેવકે ચિન્તનકી નીંવ કૈસે રખેંગી ?

ચ. : યહ ભાવના તો હોતી હૈ કિ ગુરુદેવકા સ્મારક હો. ભાવનાસે યહ કાર્ય કર રહે હૈં.

ને. : ભાવનાકા તો કોઈ તર્ક હોતા નહીં હૈ. મૈં આપસે એક બાત યહ જાનના ચાહ રહા હૂં કિ સ્વામીજીને જો સ્વાધ્યાયકી પરંપરા ચલાઈ થી, વહ યહાં અબ કિતની ચલ રહી હૈ ?

ચ. : સ્વાધ્યાય તો સબ લોગ કરતે હૈં.

ને. : કિસ તરહ કરતે હૈં ?

ચ. : ગુરુદેવને માર્ગ બતાયા હૈ કિ આત્મામેં સુખ હૈ, આત્મામેં આનન્દ હૈ, દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માકા આત્મામેં, પરકા પરમેં હૈ; દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ આત્માકા આત્મામેં, પરકા પરમેં હૈ જો શાસ્ત્રમેં બતાયા હૈ, ઉસકા રહસ્ય ગુરુદેવને સમઝાયા ઉસકા વિચારપૂર્વક સામુદાયિક રૂપસે સ્વાધ્યાય કરતે હૈં.

ને. : વ્યક્તિગત ભી કરતે હૈં.

ચ. : હાં.

ને. : આપકો કૌન-સા અચ્છા લગતા હૈં–સામુદાયિક યા વ્યક્તિગત ?

ચ. : દોનોં અચ્છે લગતે હૈં.

ને. : કિસ અપેક્ષાસે સામુદાયિક સ્વાધ્યાય અચ્છા લગતા હૈ ?

ચ. : સામુદાયિક સ્વાધ્યાયમેં સબકા ચિન્તન જાનનેકો મિલતા હૈ. જો સબકા ચિન્તન જાનના ચાહતે હૈં, ઉન્હેં સામુદાયિક; ઔર જો વ્યક્તિગત વિચાર કરતે હૈં, ઉન્હેં વ્યક્તિગત સ્વાધ્યાય અચ્છા લગતા હૈ.

ને. : ગ્રન્થમેંસે પઢના અચ્છા લગતા હૈ, યા રિકોર્ડ સુનના ?

ચ. : ગુરુદેવને જો માર્ગ બતાયા હૈ. વહ સુનના ભી અચ્છા લગતા હૈ. ઉસકી રિકાર્ડિંગસે ખ્યાલ આતા હૈ કિ ઉન્હોંને વાસ્તવમેં કયા કહા હૈ, કૈસા સમઝાયા હૈ ? શાસ્ત્ર-સ્વાધ્યાય ભી અચ્છા હૈ, જિસસે ચિન્તવન હોતા હૈ. ઇસ તરહ ગુરુદેવને જો માર્ગ બતાયા, ઉસે જાનને–સમઝાનેકે લિએ રિકાર્ડિંગ ચલતા હૈ, વહ ભી અચ્છા લગતા હૈ.

ને. : સંક્ષેપમેં બતાઇયે, ગુરુદેવને કૌન–સા માર્ગ બતાયા ?

ચ : ગુરુદેવને આત્માકા, મુક્તિકા માર્ગ બતાયા. આત્મા દ્રવ્ય હૈ, અલૌકિક હૈ, અનુપમ હૈ. ઇસમેં સુખ હૈ, આનન્દ હૈ. ઇસમેંસે જ્ઞાન આતા હૈ. દર્શન ચારિત્ર સબ આત્મામેંસે આતા હૈ; બાહરસે નહીં આતા હૈ. બાહર બહુત ક્રિયાએં કી, શુભ પરિણામ કિયે. જ્ઞાન બાહરસે નહીં આતા; ઉસકા જો સ્વભાવ હૈ ઉસમેંસે જ્ઞાન આતા ˚, ઉસમેંસે દર્શન ઉસમેંસે ચારિત્ર. બાકી જો આતા હૈ વહ તો શુભ પરિણામ હ. શાસ્ત્ર-સ્વાધ્યાય કરતે હૈં, અન્ય શુભભાવ ભી હોતે હૈં, ઉસસે પુણ્યબન્ધ હોતા હૈ. પરન્તુ આત્મામેંસે જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રકટ હોતા હૈ; વહ આત્માકો સુખ દેનેવાલા; આત્માકો આનન્દ દેનેવાલા હોતા હૈ. તત્ત્વમેંસે જો પ્રકટ હોતા હૈ, વહ યથાર્થ હોતા હૈ. ગુરુદેવને માર્ગ બતાયા કિ તુમ ભીતર દેખો, ઉસમેં જ્ઞાન હૈ, ઉસમેં દર્શન હૈ. ઉસમેં ચારિત્ર હૈ. જિસકા જો તત્ત્વ હોતા હૈ, ઉસમેંસે વહ પ્રકટ હોતા હૈ. પહલે ભેદવિજ્ઞાનકા અંશ પ્રકટ હોતા હૈ. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, ફિર બઢતે–બઢતે ઇસમેં લીનતા બઢતી હ. ચારિત્ર–દશા ભી ભીતરમેં હોતી હૈ, બાહર મુનિપના હોતા હૈ. પૂર્ણ લીનતા હોને પર કેવલજ્ઞાન ભી ભીતરમેંસે હોતા હૈ. જબ સ્વાનુભૂતિ હોતી હૈ, તબ વહ દૂસરી હી દુનિયામેં ચલા જાતા હૈ. ઐસી સ્વાનુભૂતિ મુનિકો બારમ્બાર-ક્ષણક્ષણમેં હોતી હૈ. સમ્યગ્દૃષ્ટિકો ભી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ.

ને. : આપકો ઐસી સ્વાનુભૂતિ હોતી હૈ ?

ચ : ગુરુદેવકે પ્રતાપસે હોતી હૈ વહ કહનેકી તો કોઈ બાત નહીં હૈ.

ને. : ઇસકી કોઈ ભાષા તો હોતી નહીં. સ્વાનુભૂતિકી કોઈ ભાષા નહીં હો સકતી.

ચ. : વહ તો અનુપમ હૈ, અપૂર્વ હૈ, વહ ભાષામેં નહીં આતા. વહ તો

વેદનમેં, અનુભવમેં આતા હૈ. વહ વચનાતીત હ, વહ વચનમેં નહીં આતા. ઇસકા ઇશારા હો સકતા હૈ.

ને : ક્યા ઇશારા હો સકતા હૈ?

ચ : યહ સ્વાનુભૂતિ કોઈ અપૂર્વ હૈ, અનુપમ હે, ઇસમેં આનંદ હૈ, વિકલ્પ છૂટને પર ઐસા હોતા હૈ-ઇસકા ઇસારા હો સકતા હૈ. ઇસકો બતા નહીં સકતે હૈં.

ને : સબ લોગ, જો યહાં આયે હૈં વે સબ મુમુક્ષુ હૈં; કૃપયા ઇન્હેં કોઈ છોટા-સા સન્દેશ દીજિયે.

ચ : આત્મા—જ્ઞાયકતત્ત્વકો પહચાનો. યહ જ્ઞાયક હૈ, ઇસકા ભેદવિજ્ઞાન કરો; મુક્તિ ભેદવિજ્ઞાનસે હોતી હૈ. શાસ્ત્રમેં આતા હૈ—ચૈતન્યતત્ત્વ પર દૃષ્ટિ કરો, ઇસકા જ્ઞાન કરો ઔર ઇસીમેં લીનતા કરો. મૈં યહ નહીં હૂં, મૈં યહ નહીં હૂં, મૈં તો ચૈતન્ય હૂં, મૈં ચૈતન્ય હૂં—એસી ભાવના કરો, એસી ભીતરમેંસે લગની પ્રગટ કરો. ઇસસે આત્માકા આનન્દ હોતા હૈ, જ્ઞાન પ્રકટ હોતા હૈ. આચાર્ય કહતે હં—ઇધર આ, ઇધર આ, યહ પદ તેરા હૈ, યહ સત્ હૈ, ઇસમેં લીન હોના હૈ, ચૈતન્યમેં લીન હોના હૈ. યહી જીવનકી સાર્થકતા હે; દૂસરા સબ બાહ્ય હૈ, વ્યર્થ હૈ. જ્ઞાયકતત્ત્વકો સમઝના હૈ. મૈં જ્ઞાયકતત્ત્વ હૂં, મૈં ચૈતન્ય ભગવાન્ હૂં. જૈસા ભગવાનકા ચૈતન્યદ્રવ્ય હૈ, વૈસા મેરા ભી હૈ; ભગવાન્‌મેં પ્રકટ હૈ, લેકિન મુઝમેં વહ શક્તિરૂપ (વિદ્યમાન) હૈ. જૈસા ભગવાન્‌કા દ્રવ્ય હૈ, વૈસા મેરા ભી હૈ-એસા અનુપમ ગુણોંસે ભરાપૂરા આત્મા હૈ, વહ શક્તિસે ભરપૂર હૈ. અનન્તકાલસે ઇસ શક્તિકા નાશ નહીં હુઆ. અનન્ત અપાર શક્તિસે ભરપૂર હૈ આત્મા, ઇસમેં દૃષ્ટિ કરો, તો અપાર સાગર-સા ભરપૂર આત્મા અનુપમરૂપમેં પ્રકટ હોતા હ. વહી અનુભવ કરનેકા હૈ. ઇસસે જ્ઞાયકતત્ત્વ પ્રકટ હોતા હૈ, જો અનુપમ પ્રકટ હોતા હૈ. વહ કરનેકા હૈ.

ને : આપને સોનગઢકો સ્વર્ણ-દુર્ગ હી બના દિયા. સોનગઢકા અર્થ સ્વર્ણદુર્ગ હી હોતા હૈ.

[ 'તીર્થંકર' માસિક (ઇન્દૌર) સે સાભાર ]

—૦—


પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં—

રૂા. ૫,૧૫૧)૦૦ શ્રી તખતરાજજી વનાજી કલકત્તા

રૂા. ૩,૧૧૧)૦૦ બ્ર. વીમળાબેન રીખવદાસજી સોનગઢ

# ઉપકૃતભાવભીની વંદના

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૪મી જન્મજયંતીના શુભ-પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા સમર્પિત ઉપકૃતભાવભીની ભક્તિ-અંજલિ

**નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,**
**સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.**

જેમણે સ્વપ્નમાં પણ સમ્યક્ત્વને મલિન કર્યું નથી એવા ધન્ય પુરુષ, સુકૃતાર્થ—સારી રીતે કૃતકૃત્ય થયેલા પુરુષ, પંડિત અને શૂરવીર એવા મહાપુરુષ કે જેમણે પોતે સમ્યક્ત્વ પ્રગટ કરીને આખી જિંદગી સમ્યક્ત્વમાં તેમ જ તેના આશ્રયભૂત જ્ઞાયક ભગવાનનાં ગાણાં ગાવામાં વિતાવી અને એ રીતે જેમના દ્વારા અનેક જીવોનાં જીવન યોગ્યતાનુસાર વત્તે-ઓછે અંશે ઘડાયાં, એવા પવિત્ર મહાપુરુષની આજ પરમ માંગલિક જન્મ-જયંતી છે.

તેઓશ્રી ઉમરાળામાં જન્મ્યા. બાળપણું નિર્દોષપણે વિતાવ્યું. નાનપણથી જ ધર્મનો, નીતિનો, સદ્‌ગુણોનો અને સાધુઓની સંગતિનો પ્રેમ. પાલેજની દુકાનમાં જોડાયા ત્યાં પણ અધ્યાત્મકલ્પદ્રુમ, સજ્ઝાયમાળા, 'જૈન સમાચાર' માસિકપત્ર ઇત્યાદિ ધાર્મિક સાહિત્ય વાંચતા અને આ જીવનમાં 'ભવનો અંત આવે' એવું કાંઈક કરી લેવું જોઈએ એવી ભાવના સદા રહેતી. એમની સજ્જનતા, વૈરાગ્ય વગેરે સદ્‌ગુણોને લીધે લોકો તેમને 'ભગત' કહેતા. તેમણે દીક્ષા લીધા પહેલાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી હતી. ત્યાર પછી શ્રી હીરાચંદજી મહારાજ પાસે 'કામ એક આત્માર્થનું' એવા એકમાત્ર પ્રયોજનથી દીક્ષા અંગીકૃત કરી. દીક્ષા લઈને આત્માર્થ માટે જ તેઓ પોતાનું જીવન ગાળતા. ક્રિયાઓ ઘણી કડક પાળતા. શાસ્ત્ર-અભ્યાસ તો તેમનો ખોરાક હતો. શાસ્ત્ર-સ્વાધ્યાયની એટલી બધી ધૂન રહેતી કે આહાર વહોરવા જવામાં, આહાર લેવામાં અને નિદ્રામાં સમય આપવો પડે તે પણ તેમને ખટકતું. થોડા જ વખતમાં તેઓ બધાં શ્વેતાંબર શાસ્ત્રો વિચારપૂર્વક વાંચી ગયા. કેટલાંક શાસ્ત્રોનો તો તેમણે અનેક વાર સ્વાધ્યાય કર્યો.

તે દરમ્યાન કોઈ મહાન પુણ્યોદયે શ્રી સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે દિગંબર જૈન શાસ્ત્રો ગુરુદેવના હાથમાં આવ્યાં. તે શાસ્ત્રોના ઊંડા અવગાહનથી નિષ્પક્ષ સત્યશોધક ગુરુદેવના હૃદયમાં પરિવર્તન થયું; તેમને સત્ય વસ્તુસ્વરૂપ સમજાયું અને મોક્ષમાર્ગની સાચી

દિશાની સૂઝ પડી. સાચો માર્ગ સૂઝવાથી તેમનાં વ્યાખ્યાનોમાં કોઈ જુદા પ્રકારનું તેજ આવ્યું. સંપ્રદાયની શૈલીમાં જેની ગંધ પણ નહોતી એવા જડ-ચેતનને વિભક્ત કરનારા, શુભભાવોથી શુદ્ધભાવનું જાત્યંતરપણું બતાવનારા અને સદાય સમ્યકત્વના મહિમાથી ભરપૂર તર્કશુદ્ધ ન્યાયો ગુરુદેવનાં વ્યાખ્યાનોમાં આવતા, જે સાંભળી શ્રોતાઓ મુગ્ધ થતા. 'મારા વ્યાખ્યાનથી ઘણા માણસો સમજે તો મને ઘણો લાભ થાય એ માન્યતા મિથ્યા છે,' 'જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે,' 'ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્રોધ કરીશ તો ભવિષ્યમાં નરકાદિનાં દુઃખ ભોગવવાં પડશે એમ વિચારીને અથવા તો મારાં અશુભ કર્મના ઉદયથી આ ઉપસર્ગ આવ્યો છે, તો પછી ઉપસર્ગકર્તા પ્રત્યે ક્રોધ શું કરવો—એમ વિચારીને ક્ષમા રાખવી તે મોક્ષનું કારણ નથી, પણ શુદ્ધ આત્મસ્વભાવના આલંબનથી જે સહજ ક્ષમા રહે તે જ મોક્ષનું કારણ છે'—આવા સેંકડો ન્યાયો ગુરુદેવનાં વ્યાખ્યાનોમાં આવતા, જે અન્યત્ર ક્યાંય સાંભળવા ન મળતા.

સં. ૧૯૮૨ માં મહારાજશ્રીનું ચાતુર્માસ વઢવાણમાં હતું. ત્યારે મોટા ભાઈ શ્રી વજુભાઈને ચાર મહિના સુધી વ્યાખ્યાનો સાંભળવાનું બન્યું. તેઓ મને અમદાવાદ લખતા કે—અહીં એક મહારાજ આવ્યા છે તેમનાં વ્યાખ્યાનો અદ્‌ભુત છે. તેઓ સમકિત ઉપર ઘણું જોર આપે છે. સામાન્યપણે એમ મનાય છે કે 'જૈનદર્શન સાચું છે એમ માનવું તે સમકિત; અને તે ઉપરાંત સામાયિકાદિ વ્રત કરવાથી પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થાય. આ મહારાજ ના પાડે છે. તેઓ સમકિતનો અજબ મહિમા કરે છે. વ્યાખ્યાનમાં ગમે તે અધિકાર ચાલતો હોય પણ સાથે સાથે તેઓ સમકિતનું ચમત્કારિક માહાત્મ્ય સુંદર રીતે સમજાવતા જાય છે. તેઓશ્રી કહે છે: 'સમ્યગ્દર્શન મહા દુર્લભ છે. જીવે અનંત વાર રાજપાટ છોડીને દીક્ષા લીધી છે અને ચામડાં ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ આંખનો ખૂણો લાલ ન થાય એવી ક્ષમા રાખી છે પરંતુ સમકિત એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. સમકિતમાં તો આત્મસાક્ષાત્કાર થાય છે અને સિદ્ધભગવાનના સુખની વાનગીનો આંશિક સ્વાદ આવે છે. સમકિતીનું પરિણમન જાત્યંતર થઈ ગયું હોય છે. હવે લાગે છે કે ખરેખર સમકિત કોઈ અદ્‌ભુત ચીજ છે.—આમ ભાઈ શ્રી વજુભાઈ લખતા હતા. તેમણે વ્યાખ્યાનોની ટૂંકી નોંધ પણ લખી હતી; તે અમે એક જૈનપત્રમાં છૂટક છૂટક ચૂંટીને છપાવતા હતા.

આ રીતે મહારાજશ્રીએ સૌરાષ્ટ્રમાં એક જુદા જ પ્રકારનું સમ્યક્ત્વપ્રધાન વાતાવરણ ઊભું કર્યું. તેમના જ્ઞાન અને કડક ચારિત્રની સુવાસ સૌરાષ્ટ્રભરમાં ફેલાઈ અને સ્થાનકવાસી સાધુઓમાં કાનજીસ્વામીનું નામ મોખરે ગણાવા લાગ્યું. આમ એક બાજુ એક ઉત્તમ સાધુ તરીકેની તેમની ખ્યાતિ ખૂબ ફેલાવા લાગી, તો બીજી બાજુ શ્રી સમયસાર

આદિ શાસ્ત્રોના ઊંડા અવગાહનથી તેમને અંતરમાં પ્રતીતિ થઈ ગઈ હતી કે દિગંબર જૈનધર્મ જ મૂળ જૈનધર્મ છે. તેથી 'બહારમાં વેશ કાંઈક અને અંદરમાં શ્રદ્ધા કાંઈક' એવી સ્થિતિ થઈ ગઈ હતી, જે તેમને ખટકતી હતી. છેવટે, આવી સ્થિતિ લાંબો સમય સહન નહિ થઈ શકવાથી તે સહૃદય વીરપુરુષે જે કાંઈ ઉપસર્ગો પડે તે બધા સહન કરી લેવાની તૈયારી રાખીને, સં. ૧૯૯૧માં એક ઐતિહાસિક મહાપરાક્રમી કામ કર્યું—સોનગઢમાં શ્રી હીરાભાઈના એકાંત મકાનમાં સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતી તેનો ત્યાગ કર્યો. સંપ્રદાયમાં હલચલ તો મચી; પણ ધીરેધીરે તે શમતી ગઈ. મહારાજશ્રીએ પોતાની સચ્ચાઈથી લોકોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેથી ધીમે ધીમે સત્સંગાર્થી જનોનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં અને અનેકાનેક જનો પૂજ્ય ગુરુદેવના અનુયાયી બન્યા. પછી તો જરૂરિયાત પ્રમાણે સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, સમવસરણમંદિર વગેરે રચાતાં ગયાં, દૂરદૂરથી દિગંબર જૈનો પણ ગુરુદેવના ઉપદેશશ્રવણ-અર્થે આવવા લાગ્યા અને ગુરુદેવનું અનુભવમુદ્રિત સત્ય તત્ત્વજ્ઞાન ભારતમાં વિસ્તરવા લાગ્યું.

સં. ૨૦૦૧માં ઇન્દોરના સર શેઠશ્રી હુકમચંદજી સોનગઢ આવ્યા અને ગુરુદેવના તાત્ત્વિક ઉપદેશથી ઘણા જ પ્રભાવિત થયા તથા જીવનપર્યંત તેમને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ રહ્યો. સં. ૨૦૦૩માં સોનગઢમાં શ્રી દિગંબર જૈન વિદ્વત્પરિષદનું અધિવેશન ભરાયું, જેના નિમિત્તે લગભગ ૩૨ પ્રતિષ્ઠિત વિદ્વાન પંડિતો સોનગઢ પધાર્યા અને ગુરુદેવના મુખેથી સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાય, વિજ્ઞાનઘન આત્મા અને આનંદઝરતી સ્વાનુભૂતિનાં મધુર ગાણાં સાંભળી પાવન થયા. સર્વત્ર જ્ઞાનવાર્તાથી ગુંજતું સોનગઢનું ધાર્મિક વાતાવરણ જોઈને તેઓ ઘણા પ્રસન્ન થયા હતા. એક વિદ્વાન પંડિતજીએ મને કહ્યું હતું કે અહીં તો વહેલી સવારથી મોડી રાત સુધી જ્યાં જુઓ ત્યાં—ઘરમાં કે રસ્તા પર—બાળકો કે વૃદ્ધો સ્વતંત્ર દ્રવ્ય, જ્ઞાયક, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિની જ્ઞાનવાર્તા કરતા જ નજરે પડે છે. આવું ધાર્મિક વાતાવરણ બીજે ક્યાંય જોયું નથી.....બીજા એક પંડિતજીએ ભાષણમાં મંડનમિશ્રનું દૃષ્ટાંત આપીને એવી મતલબનું કહ્યું હતું કે:—"શંકરાચાર્ય મંડનમિશ્ર સાથે તત્ત્વચર્ચા કરવા જઈ રહ્યા હતા. મંડનમિશ્રનું ગામ આવતાં તેમણે કોઈને પૂછ્યું—મંડનમિશ્રનું ઘર ક્યાં? ઉત્તર મળ્યો—જ્યાં ઓસરીમાં લટકતાં પિંજરાંમાં મેના અને પોપટ 'સ્વતઃ પ્રમાણં પરતઃ પ્રમાણં'ની વાતો કરતા હોય તે મંડનમિશ્રનું ઘર. એવી જ રીતે જ્યાં સર્વત્ર બાળકો પણ દ્રવ્યસ્વાતંત્ર્ય, જ્ઞાયક આત્મા ઇત્યાદિની જ્ઞાનવાર્તા કરી રહ્યાં હોય તે કાનજીસ્વામીનું સોનગઢ." ખરેખર ગુરુદેવે સર્વ દ્રવ્યોની સ્વતંત્રતા, વિજ્ઞાનઘન આત્મા અને આનંદ-ઝરતી આત્માનુભૂતિની પ્રધાનતાનો પવિત્ર યુગ પ્રવર્તાવ્યો છે.

ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની શ્રદ્ધા તેમના

અંતરમાં વણાઈ ગઈ હતી. હું એક સ્વતંત્ર પદાર્થ છું, મને કર્મ રોકી શકે નહિ —એમ તેઓ વારંવાર ફરમાવતા. તે વિશેષ સ્પષ્ટતાથી સમજવા માટે સં. ૧૯૮૮માં જામનગરમાં ચાતુર્માસ દરમ્યાન મેં પ્રશ્ન પૂછયો :—'મહારાજ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકારો સંબંધી સર્વ ભેદ-પ્રભેદોનાં પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બધુંય બરાબર એક સરખું હોય તો તે જીવો ઉત્તરવર્તી ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્ન ભિન્ન પ્રકારના?' ગુરુદેવે કહ્યું : 'ભિન્ન ભિન્ન પ્રકારના.' પુનઃ પ્રશ્ન કર્યો : 'બંને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખાં છે, તો પછી ભાવ ભિન્ન ભિન્ન પ્રકારના કેમ કરી શકે?' ગુરુદેવે તરત જ દૃઢતાથી ઉત્તર આપ્યો : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે;' અર્થાત્ જીવ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે. 'અકારણ પારિણામિક દ્રવ્ય' એ શબ્દોનો રણકાર હજુ મારા કાનમાં ગુંજે છે.

પૂજ્ય ગુરુદેવ નિજાત્માનુભવી યુગપુરુષ હતા. તેમણે નિજાત્માનુભૂતિના પ્રકાશમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, પરમ પારિણામિકભાવ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, નવ તત્ત્વ, મોક્ષમાર્ગ, મુનિદશા વગેરે અનેકાનેક વિષયોનું યથાર્થ સ્વરૂપ સમ્યક્પણે જાણીને જગત સમક્ષ પ્રસિદ્ધ કર્યું અને જૈન શાસનની ઝંખાઈ ગયેલી જ્યોતમાં નવું તેજ પૂર્યું. 'આત્મા શું છે, તેની શક્તિ-વ્યક્તિનું શું સ્વરૂપ છે, તેને શરીરાદિ સાથે શો સબંધ છે—એવી કોઈ બાબતોના વિચાર વિના લોકો શરીરાદિની ક્રિયાઓને અથવા તદાશ્રિત શુભ ભાવોને મોક્ષમાર્ગ માનીને—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માનીને—પ્રવર્તતા હતા, તેવા કાળમાં ગુરુદેવે સ્વાનુભૂતિના જોરપૂર્વક સિંહગર્જના કરી કે—'અરે જીવો! આત્મા દેહથી તદ્દન ભિન્ન, જ્ઞાનાનંદસ્વભાવી સ્વયંસિદ્ધ પદાર્થ છે, તેને દેહની ક્રિયાઓથી તો બિલકુલ લાભ-નુકસાન છે જ નહિ અને તદાશ્રિત શુભ ભાવોથી પણ મુક્તિ તો અંશે પણ થતી નથી, માત્ર દેવાદિ ગતિની પ્રાપ્તિ થાય છે. મુક્તિ તો સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, શુભાશુભ ભાવોથી પણ કથંચિત્ ભિન્ન, પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી આત્માની અનુભૂતિ કરવાથી થાય છે. તે અનુભૂતિ ગૃહસ્થાદશામાં પણ થઈ શકે છે. માટે આ મહામૂલા મનુષ્યભવમાં તમે સ્વાનુભૂતિનો પ્રયાસ કરો. તે સ્વાનુભૂતિ થતાં જે શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, તેની ઉગ્રતા થવી તે જ શ્રાવકપણું અને મુનિપણું છે. શુદ્ધ પરિણતિની કચાશને લીધે, સાથે સાથે શ્રાવકપણાનાં કે મુનિપણાનાં વ્રતાદિ શુભ ભાવો હોય છે, તે તો બંધનાં કારણ છે, મોક્ષનાં બિલકુલ નહિ. મોક્ષનું કારણ તો શુદ્ધ પરિણતિ જ છે. આવું મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જગતના જીવોને સમજાવી, તેમને સમ્યક્ માર્ગે વાળી, આ કાળે ગુરુદેવે અવર્ણનીય ઉપકાર કર્યો છે.

જેમ શ્રી પ્રવચનસારમાં આચાર્યભગવાને જાહેર કર્યું છે કે 'શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા,' તેમ અધ્યાત્મ-યુગસ્રષ્ટા ગુરુદેવનો પણ અત્યંત દ્રઢતાપૂર્વક સિંહનાદ હતો કે 'અનુભવ કરીને કહીએ છીએ કે ભવનાશક સુધાસ્યંદી અનુભૂતિનો માર્ગ જ મોક્ષનો ઉપાય છે, કારણ કે તે અંશતઃ મુક્તિ જ છે; અવશ્ય તે બીજમાંથી જ પરિપૂર્ણ મુક્તિરૂપ વૃક્ષ ફાલશે. માટે તમે નિર્ભયપણે આ માર્ગે ચાલ્યા આવો.'

ગુરુદેવનું હૃદય સ્ફટિક જેવું નિર્મળ અને એમની સ્વાનુભવમુદ્રિત વાણી વજ્ર જેવી જોરદાર હતી, તેથી તેમનાં પ્રવચનો શ્રોતાઓનાં હૃદયને સ્પર્શી જતાં. કોઈ કોઈ લોકો તો વિરોધ કરવા આવતા પરંતુ પ્રવચન સાંભળીને ફરી જતા અને ભક્ત બનીને પાછા જતા. ગુરુદેવ પ્રતિપાદ્ય સિદ્ધાંતો યુક્તિપૂર્વક સમજાવતા, પૂર્વાચાર્યોની સાખ આપતા અને તેના પર પોતાના અનુભવની મહોર મારતા. કોઈને આત્માના અસ્તિત્વની જ શંકા હોય, તો "અરે ભાઈ! 'હું નથી', 'હું નથી' એવા ભાવ કઈ ભૂમિમાં ઊઠે છે તે તો જુઓ! તે ભૂમિ જ આત્મા છે" એવી સ્વાનુભવગર્ભિત યુક્તિ ગુરુદેવ આપતા જે તેને વિચારમાં નાખી દેતી. 'આત્મા હાથ કેમ ન હલાવી શકે?' એવી શંકા કરનારને ગુરુદેવ "आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किं। परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥" એવી આચાર્યદેવની સાખ સહિતની સ્વાનુભવગર્ભિત યુક્તિ ગુરુદેવ આપતા, જે ઘણી વાર શંકાકારના હૃદયને સ્પર્શી જતી. ઉપરોક્ત શ્લોક ગુરુદેવને પ્રિય હતો અને તે ધાર્મિક વર્ગોમાં ઘણાં વર્ષો સુધી મંગળા-ચરણરૂપે બોલવામાં આવતો. જેમ ગુરુદેવની અનુભૂતિ ને જ્ઞાન અદ્ભુત હતાં, તેમ તેમની વાણી સચોટ, મધુર અને રસબસતી હતી.

આવા પવિત્ર જ્ઞાનાવતાર પુરુષ કે જેમણે આ કાળે આવરણસ્થિતિમાં આવી પડેલ સમ્યગ્દર્શન તેમ જ તેના આલંબનભૂત જ્ઞાયક ભગવાનનો પરમ મહિમા અનાવૃત કરી જગતમાં તેની ભેરી બજાવી, તે મહાપુરુષની આજે મંગળ જન્મજયંતી છે. તે પવિત્ર પુરુષ આપણા જીવનના ઘડવૈયા છે. તેમના પ્રત્યક્ષ ઉપદેશ દ્વારા, તેમની ટેઇપ-અવતીર્ણ વાણી દ્વારા તેમ જ તેમનાં પુસ્તકારૂઢ પ્રવચનો દ્વારા તેમનો આપણા પર અપાર ઉપકાર વર્તે છે. તે ઉપરાંત, તેઓ તેમના જીવન દ્વારા પણ, પ્રતીતિ તેમ જ ભાવના સાથે વણાયેલી સાધકની સમ્યક્ જીવનપદ્ધતિનો મૂક ઉપદેશ આપી રહ્યા હતા, તેથી તેમના જીવનનો પણ—તેમના પ્રત્યક્ષ સમાગમનો પણ—આપણા પર અથાગ ઉપકાર વર્તે છે. તેઓશ્રી 'જ્ઞાયક, જ્ઞાયક, હું ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક છું' એવી સાનુભવ પ્રતીતિ-પરિણતિએ નિરંતર પરિણમી રહ્યા હતા તોપણ સાથે સાથે 'મને ક્યારે મુનિદશા પ્રાપ્ત થાય, હું ક્યારે સિદ્ધદશાને વરું'—એવી ભાવના પણ તેમને સદાય રહેતી હતી. આવી જ, પ્રત્યેક સાધકની જીવનકળા હોય છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ, એક તરફથી

'જેને કેવળજ્ઞાન પણ જોઈતું નથી તેને પરમેશ્વર હવે કયું પદ આપશે ?' એમ કહીને આત્માના ત્રિકાળ મુક્તત્વની પ્રતીતિ વ્યક્ત કરતા હતા, તો બીજી તરફથી 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' તથા 'પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો' એમ મુનિપણાની તથા સિદ્ધપદની ભાવના પણ ભાવતા હતા. ગુરુદેવે પોતાના પવિત્ર જીવન દ્વારા સાધકની આવી સમ્યક્ જીવનકળાનું દિગ્દર્શન કરાવી આપણા પર અથાગ ઉપકાર કર્યો છે.

અનાદિ કાળથી પરિભ્રમણ કરતા આ જીવને ત્રસપણું મળવું દુર્લભ છે, સંજ્ઞીપણુ દુર્લભ છે, મનુષ્યપણું, ઉત્તમ કુળાદિ પ્રાપ્ત થવાં ઉત્તરોત્તર દુર્લભ છે; તે બધાં પ્રાપ્ત થવા છતાં સદ્ધર્મનું શ્રવણ અતિ દુર્લભ છે. જેના વિના પૂર્વોક્ત અન્ય સર્વ ઉપલબ્ધિઓ નિષ્ફળ જાત એવું સદ્ધર્મશ્રવણ જેમના પ્રતાપે આપણને પ્રાપ્ત થયું તે પરમકૃપાળુ પરમોપકારી પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળમાં આપણે આજના મંગળ દિને અત્યંત ઉપકૃતભાવે વંદન કરીએ છીએ અને તેમના પવિત્ર જીવનના અવલોકનથી તથા તેમના કલ્યાણકારી ઉપદેશના ચિંતનથી આપણામાં જીવનની સમ્યક્ કળા પ્રગટી આપણા સંસારપરિભ્રમણનો અંત આવે એવી ભાવના ભાવીએ છીએ.

**ઉપકારી ગુરુદેવ! અનુભવકુંભ ભર્યો રી,**
**તામેંથી લવ એક દીજે કાજ સરે રી.**

—૦—

## સુવર્ણપુરીના સમાચાર—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીનું ધાર્મિક પ્રવૃત્તિમય જીવન વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ તેમજ શાસ્ત્રસ્વાધ્યાય વિગેરે કાર્યક્રમોથી નિયમિત ગૂંજતું રહે છે. પ્રાત: જિનેન્દ્ર દર્શન–પૂજન ત્યારબાદ પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનું ૧૯૬૬ નું અધ્યાત્મરસઝરતું ટેઇપ-પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર પરમાગમનું શાસ્ત્ર-વાંચન, જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ અને સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નાટક સમયસાર ઉપરનું ૧૯૭૧ નું ભાવભાહી ટેપ-પ્રવચન –એ રીતે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમ નિયમિત રીતે ચાલી રહ્યો છે.

તદુપરાંત દરેક જિનાયતનોના પ્રતિષ્ઠાદિવસની માસિકતિથિ, સમાધિદિનની માસિક પુણ્યતિથિ, તેમજ શ્રુતપંચમી, તીર્થંકરના કલ્યાણકદિન આદિ પ્રસંગે ભક્તિ–પૂજાના વિશેષ ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવે છે.

* પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાસ્થ્ય સાધારણ ઠીક છે.

—૦—

## વૈરાગ્ય સમાચાર :—

* સીકંદરાબાદનિવાસી શ્રી લલિતભાઈ છોટાલાલ સંઘાણી (વર્ષ-૪૫) તા. ૧૪-૪-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલાડનિવાસી શ્રી બુધાલાલ પરષોત્તમદાસ તા. ૯-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી સ્વ. લાલચંદ વશરામ ભાયાણીના ધર્મપત્ની કાશીબેન તા. ૧૨-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી શ્રી ખીમચંદભાઈ બાલચંદભાઈ (વર્ષ-૭૬) તા. ૨૭-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી મહેતા ચંપકલાલ કેશવલાલ તા. ૨૮-૫-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ મુળીનિવાસી (હાલ ઘાટકોપર) શ્રી શાંતિલાલ ઠાકરશી શાહ (વર્ષ-૭૫) તા.-૧-૬-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા-ભક્તિ હતા. કરાંચીમાં એક જ માળામાં-બાજુબાજુમાં-રહેલ હોવાથી જૂની ઓળખાણને લીધે તેમને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે વિશેષ ભક્તિભાવ હતો. અને તે કારણે તેમને પૂજ્ય ગુરુદેવના તત્ત્વજ્ઞાન પ્રત્યે બહુમાન જાગ્યું હતું. શાસ્ત્ર-સ્વાધ્યાયની રુચિ સારી હતી.

* લાખણકા નિવાસી શ્રી જિતેન્દ્ર મનસુખલાલ અજમેરા (સોનગઢ નિવાસી સ્વ. બ્ર. શ્રી ગુલાબચંદભાઈના ભત્રીજા) (વર્ષ-૨૦) તા. ૩-૬-૮૩ના રોજ બ્લડકેન્સરની ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* બરવાળાનિવાસી (હાલ મુંબઈ) શ્રી વિનુભાઈ છગનલાલ અજમેરા (વર્ષ-૬૨) તા. ૧૦-૬-૮૩ ના રોજ બ્લડકેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી નંદલાલ શીવલાલ કામદાર (વર્ષ-૭૭) તા. ૧૫-૬-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્ગત આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વારંવાર સોનગઢ આવીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશિની અધ્યાત્મ-વાણીનો લાભ લેતા હતા. તેઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—o—

## ભક્તોના હૃદયમાં બિરાજમાન પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ

[ મુરબ્બી શ્રી ખીમચંદભાઈ જે. શેઠ ]

❋ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં બિરાજમાન ભાવિ તીર્થંકરને શ્રી સીમંધરસ્વામીએ તેઓશ્રીનો આધ્યાત્મિક સંદેશો લઈને અહીં ભારતવર્ષમાં મોકલ્યા અને જેમણે તે અધ્યાત્મસંદેશાઓના રહસ્યનું ઉદ્‌ઘાટન કરીને આપણા સૌ ઉપર મહાન મહાન ઉપકાર કર્યો છે તે શ્રી પૂજ્ય ગુરુદેવ વર્તમાનમાં ક્ષેત્ર અપેક્ષાએ દૂરવર્તી હોવા છતાં આપણા હૃદયમાં જ બિરાજી રહ્યા છે...

❋ બધા જીવોને સિદ્ધ સમાન જોનાર મહાન પુરુષ જ્યારે આપણા હૃદયમાં બિરાજમાન હોય ત્યારે આપણે પણ બધા આત્માઓને સિદ્ધ સમાન જોઈએ તો જ આપણે તેઓશ્રીનો આપણા ઉપર મહાન ઉપકાર માન્યો ગણાય અને ત્યારે જ તેઓશ્રી પ્રત્યે સ્મરણાંજલિ યથાર્થપણે અર્પી કહેવાય...

❋ ભૂતકાળના અનંતા તીર્થંકરો, વર્તમાનના તીર્થંકર શ્રી સીમંધર પરમાત્મા અને ભાવિ તીર્થંકર (શ્રી સૂર્યકીર્તિ) આપણા હૃદયમાં બિરાજમાન હોય ત્યારે તેઓશ્રીએ જે એકલા જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકનું ઘોલન કર્યું હતું તેવું જો આપણને પણ અંતર પરિણમન થાય તો એક વખત એવો આવે કે આપણને તેઓશ્રીનો વિરહ બિલકુલ રહે નહિ....

❋ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા ઉપર મહાન મહાન ઉપકાર છે. તેઓશ્રી સર્વને સિદ્ધ સમાન ભગવાન આત્માપણે જોઈ રહ્યા છે અને આપણને પણ હું સિદ્ધ સમાન છું એવું અંતર પરિણમન થાય તો આપણે પણ બધાને સિદ્ધ સમાન જોઈએ ને આપણને ત્રણકાળના સિદ્ધોનો વિરહ દૂર થાય ને આપણે પણ સિદ્ધોની સાથે ત્યાં બિરાજમાન હોઈશું...

❋ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા પ્રત્યે મહાન ઉપકાર છે. તેઓશ્રી પ્રત્યે હું મારી અતિવિનમ્રભાવે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું....

[ ૯૪ મી જન્મજયંતી પ્રસંગે શ્રદ્ધાંજલિ વક્તવ્યમાંથી ]

## ❀ ગુજરાતી આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ❀

| | |
|---|---|
| ૧૮૯૧ એ. કે. મહેતા | બેંગલોર |
| ૧૮૯૨ કે. એસ. કોઠારી | કલકત્તા |
| ૧૮૯૩ કાંતિલાલ એચ. શાહ | મુંબઈ |
| ૧૮૯૪ રતન પી. શાહ | હૈદ્રાબાદ |
| ૧૮૯૫ રાજકમલ ઈન્ડસ્ટ્રીઝ | હૈદ્રાબાદ |
| ૧૮૯૬ સી. જસાજ જૈન | બેંગલોર |
| ૧૮૯૯ ગુણવંતલાલ ચતુરદાસ શાહ | મુંબઈ |
| ૧૯૦૦ વિનયચંદ્ર મગનલાલ દોશી | સુરેન્દ્રનગર |
| ૧૯૦૧ પી. ઘોશાલ | કલકત્તા |
| ૧૯૦૨ જ્યોતીબેન વિનોદચંદ્ર દોશી | મુંબઈ |
| ૧૯૦૩ રમેશચંદ્ર કાંતિલાલ મહેતા | સલાલ |
| ૧૯૦૪ રમેશચંદ્ર પી. કામદાર | મુંબઈ |
| ૧૯૦૫ કાંતિલાલ એચ. કાપડીયા | મદ્રાસ |
| ૧૯૦૬ ધીરજલાલ માણેકચંદ શાહ | દામનગર |
| ૧૯૦૭ જે. બી. શાહ | મદ્રાસ |
| ૧૯૦૮ અકલંક સી. કોઠારી | હૌસ્ટોન |
| ૧૯૦૯ પ્રવીણકુમાર ન્યાલચંદ શાહ | લીંબડી |
| ૧૯૧૦ રમેશચંદ્ર મંગલદાસ ગાંધી | સોલાપુર |
| ૧૯૧૧ રમણીકભાઈ હંસરાજ દેસાઈ | સોલાપુર |
| ૧૯૧૨ જયસુખલાલ રતીલાલ મહેતા | મહુવા |
| ૧૯૧૩ વલ્લભભાઈ અરજણભાઈ સુદાણી | અમદાવાદ |
| ૧૯૧૪ મંગળાબેન અનંતરાય શાહ | મુંબઈ |
| ૧૯૧૫ હરગોવિંદભાઈ મોહનલાલ પરમાર | ભાવનગર |
| ૧૯૧૬ શૈલેષકુમાર નાનાલાલ મહેતા | જામનગર |
| ૧૯૧૭ શ્રી દિગંબર જિન મંદિર | જેતપુર |
| ૧૯૧૮ કમળાબેન ગિરધરલાલ | જોરાવરનગર |
| ૧૯૧૯ નવીન એસ. શાહ | કલકત્તા |
| ૧૯૨૦ પ્રવિણભાઈ જે. ધ્રુવ | વાંકાનેર |
| ૧૯૨૧ નગીનદાસ પ્રભુલાલ શેઠ | વાંકાનેર |
| ૧૯૨૨ વિનોદરાય દેવચંદ મહેતા | રાજકોટ |
| ૧૯૨૩ ધીરજલાલ કે. મહેતા | મુંબઈ |
| ૧૯૨૪ સરોજબેન પ્રતાપરાઈ શાહ | નાગપુર |
| ૧૯૨૫ વિપાન દોશી | રોહા |
| ૧૯૨૬ અતુલકુમાર મનસુખલાલ મોદી | મુંબઈ |
| ૧૯૨૭ વિશ્રામભાઈ જીવાભાઈ રાઠોડ | ,, |
| ૧૯૨૮ ગીરીશભાઈ છોટાલાલ અજમેરા | ,, |
| ૧૯૨૯ રતિલાલ રાયચંદ શાહ | ,, |
| ૧૯૩૦ જયંતભાઈ એલ. | જાંબુલ |
| ૧૯૩૧ ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા | ભાવનગર |
| ૧૯૩૨ વ્રજલાલ દીપચંદ દોશી | મુંબઈ |
| ૧૯૩૩ રમેશ જી. ફોફરીયા | ગાર્નર |
| ૧૯૩૪ રમણીકલાલ એચ. પટેલ | જામનગર |
| ૧૯૩૫ હેમલતા અરવિંદ સંઘવી | વીસનગર |
| ૧૯૩૬ શાહ હેમરાજ વીરજી માલદે | નકુરું કેન્યા |
| ૧૯૩૭ કાંતાબેન ચીમનલાલ | નાઈરોબી |
| ૧૯૩૮ હર્ષદાબેન સુધીરભાઈ | નાઈરોબી |
| ૧૯૩૯ જ્યોતિબેન વિજયકુમાર | નાઈરોબી |
| ૧૯૪૦ સુશીલાબેન વિનેચંદભાઈ | નાઈરોબી |

—૦—

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ — વાર્ષિક લવાજમ રૂા. ૯–૦૦
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ — આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧–૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ — PIN : 364250